RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 194* Date: 12.05.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### હાઇકોર્ટની સુઓમોટો અંગેની સુનવણી ૧૭મી મેએ હાથ ધરવામાં આવશે

## લગ્નમાં ૫૦ લોકોની પણ જરૂર નથી, ધાર્મિક કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકો -હાઇકોર્ટ

અમદાવાદ,તા.૧૧

ગુજરાત સરકારે ગુજરાત હાઈકોર્ટે સમક્ષ ૫૬ પેજનું સોગંદનામુ રજૂ કર્યું હતું. તેના પર આજે હાઈકોર્ટમાં સુનાવણી શરૂ થઈ ગઈ છે. જેમાં ભરૂચ હોસ્પિટલમાં લાગેલી આગ અને ફાયર સેફ્ટી તેમજ રાજ્યમાં ચાલી રહેલા લગ્ન તેમજ ધાર્મિક કાર્યક્રમો પર રોક લગાવવા પર સુનાવણી થઇ હતી. નામદાર કાર્ટે ભરૂચની પટેલ વેલ્ફેર હોસ્પિટલમાં આગ મામલે ૨૫ મે સુધી પોતાનો જવાબ રજૂ કરવા જણાવ્યું છે. આ સિવાય કોર્ટે આ મામલે ડિસ્ટ્રીક હેલ્થ ઓફિસર, હોસ્પિટલ ટ્રસ્ટ અને ફાયર NOC માટેના નોડલ ઓફિસરને નોટિસ મોકલી છે અને પોતાનો પક્ષ રજૂ કરવા માટે કહેવા આવ્યું છે. હવે હાઈકોર્ટની સુઓમોટો અંગેની સુનવણી ૧૭મી મેએ હાથ ધરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે કોરોનાની સ્થિતિ પર હાઈકોર્ટની સુઓમોટો પર સરકારે એફિડેવિટ ફાઈલ કર્યુ છે. ત્યારે સુનાવણીમાં હાઈકોર્ટે સરકારને ટકોર કરી હતી કે, અમે અહીં આવી ઘટનાઓ રોકવા માટે ચર્ચા કરી રહ્યાં છે. સરકાર આગામી સમયમાં આવી ઘટનાઓ રોકવા શું કરી રહી છે.

ગુજરાત હાઈકોર્ટે સમક્ષ એડવોકેટ એસોસિયેશન વતી શાલીન મહેતાએ રજૂઆત કરી હતી કે, હાલ શહેરોમાં કોરોના વધતા લોકો ગ્રામ્ય વિસ્તારોમાં સ્થળાંતર કરી રહ્યા છે. બીજી બાજુ છેલ્લા કેટલાંક સમયથી કોરોનાના કેસો ઘટ્યા છે. સાથે જ તેમણે લગ્ન સમારોહમાં ૧૫ દિવસ પ્રતિબંધ મુકવાની રજૂઆત કરી હતી. તેમણે કહ્યું કે, ગુજરાતમાં લગ્ન સમારોહમાં ૫૦ લોકોની હાજરીની સંખ્યામાં ઘટાડો કરો. સાથે જ અંતિમયાત્રા અને અંતિમવિધિમા જોડાતા લોકોની સંખ્યામાં ઘટાડો કરવો જોઈએ. તો આ સંદર્ભે હાઈકોર્ટે કહ્યું કે લગ્નમાં ૫૦ લોકોની પણ જરૂર નથી. લગ્નમાં સંખ્યામાં ઘટાડો કરવા સરકાર વિચારશે.

સરકારે કરેલી એફિડેવિટ મુદ્દે હાઈકોર્ટે અસંતોષ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું છે કે સરકારે રજૂ કરેલી કોર્ટમાં એફિડેવિટમાં સ્ટેપલર મારેલા નથી અને સીલબંધ કવરમાં એફિડેવિટ મળ્યું નથી. સીરિયલ પેજિનેશન પણ નથી. કોર્ટ આ સંદર્ભે મનીષા લવકુમારને ખખડાવ્યા હતા. ત્યારબાદ તેમણે હવે પછી યોગ્ય રીતે એફિડેવિટ ફાઇલ કરવાની ખાતરી આપી હતી. રાજ્ય સરકાર દ્વારા મોડી સાંજે રજૂ કરેલા સોગંદનામાથી કોર્ટ નારાજ દેખાઈ હતી. ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે, સોગંદનામું હમેશાં ઓફિસે જ ફાઇલ થવું જોઈએ. જો નિવાસસ્થાને સોગંદનામું ફાઇલ કરવા આવો છો તો સંબધિત અધિકારીની ઉપસ્થિતિ ફરજિયાત છે. સોગંદનામું જે માળખામાં રજૂ કર્યું તે યોગ્ય નથી. રાજ્ય સરકારે રજૂ કરેલું સોગંદનામું ૫૬ પેજનું છે. જે અંતર્ગત રાજ્ય સરકારે RT-PCRના નવા મશીનમાં વધારો કરવાનો ઉલ્લેખ કર્યો હતો. સાથે જ રાજ્યની ૨૧ યુનિવર્સિટીમાંથી ૯ યુનિવર્સિટીમાં RT-PCR ટેસ્ટ ચાલુ કર્યા હોવાનો રાજ્ય સરકારે દાવો કર્યો છે. રાજ્ય સરકારે હાઈકોર્ટને સોંપેલા સોગંદનામા અનુસાર, એક દિવસના ૧૬ હજાર ૧૧૫ રેમડેસિવિર ઈંજેક્શન કેન્દ્ર સરકાર ગુજરાતને આપશે. અમદાવાદમાં એપ્રિલ મહિનામાં ૨ લાખ ૩૪ હજાર રેમડેસિવિરની માંગ સામે ૧ લાખ ૮૩ હજાર ૨૫૭ ઈંજેક્શન કેન્દ્ર સરકારે આપ્યોનો ઉલ્લેખ સોગંદનામામાં કરાયો છે. રાજ્ય સરકારે હોસ્પિટલના બેડમાં ૧ લાખ ૭ હજાર ૭૦૨ બેડનો વધારો કર્યો હોવાનું સોગંદનામામાં દાવો કરાયો છે. ત્યાં જ ૨૫૪૭ હોસ્પિટલમાં બેડ ઉપલબ્ધ હોવાનો દાવો કરાયો છે. આજની તારીખે ૨૫૪૭ હોસ્પિટલમાં ૧ લાખ ૭ હજાર ૭૦૭ બેડ ઉપલબ્ધ હોવાની જાણાકારી પણ આપવામાં આવી છે. જેમા ૬૦ હજાર ૧૭૬ ઓક્સિજન બેડ, ૧૩ હજાર ૮૭૫ આઇ.સી.યું, ૬ હજાર ૫૬૨ વેન્ટિલેટર બેડ ઉપલબ્ધ છે. ત્યાં જ ગામડામાં વકરેલા કોરોના સંક્રમણને અટકવવા રાજ્ય સરકારે વિશેષ



'મારુ ગામ કોરોના મુક્ત ગામ' અભિયાન શરૂ કર્યું હોવાનો ઉલ્લેખ પણ આ સોગંદનામામાં કરાયો છે. આ કાર્યક્રમ હેઠળ દરેક ગામડાના પ્રાથમિક સારવાર કેન્દ્રમાં ઓક્સિમીટર, થર્મલ ટેમ્પરેચર ગન, મેડિસિન કીટ, પીપીઈ કીટ અને માસ્ક જેવી આરોગ્યલક્ષી બાબતો પુરી પડવામાં આવે છે. આ કાર્યક્રમમાં હેઠળ ૮ હજાર ૭૭૩ દર્દીને દાખલ કરી સારવાર આપવામાં આવી હોવાનો રાજ્ય સરકાર દ્વારા દાવો કરાયો છે. અગાઉ રાજ્ય સરકારે ધનવંતરી હોસ્પિટલમાં દાખલ કરવાના હુકમો રદ કર્યાનો ઉલ્લેખ પણ હાઈકોર્ટમાં રજૂ કરેલા સોગંદનામાં કરાયો છે. સાથે જ આખા રાજયમાં ૧૦૩ લેબોરેટરી હોવાનો ઉલ્લેખ કરાયો છે. અને ગ્રામ્ય સ્તરે પણ RT-PCR ટેસ્ટ પર સરકારે ભાર મૂક્યો હોવાનો ઉલ્લેખ કરાયો છે.

રાજ્ય સરકારે હાઈકોર્ટમાં એવો પણ દાવો કર્યો છે કે, ગુજરાતને ઓક્સિજનનો પૂરતો જથ્થો મળી રહેશે. સાથે જ રાજ્ય સરકાર નવા ઓક્સિજન પ્લાન્ટ પણ તૈયાર કરી રહી છે.

### દેશમાં કોરોનાના ૩.૨૯ લાખ નવા કેસ, ૩૮૭૬ના મોત

## દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક અઢી લાખ, ભારત બન્યો વિશ્વનો ત્રીજો દેશ



ન્યુ દિલ્હી,તા.૧૧

દેશમાં કોરોનાના કેસનું કિડિયારી ઉભરાયું છે. ભારતમાં કોરોના મહામારીએ ભારે તાંડવ મચાવ્યું છે અને બેકાબૂ બનેલી કોરોનાની લહેર અટકવાનું નામ જ નથી લઈ રહી. આ દરમિયાન આજે રાહતના સમાચાર આવ્યા છે. ભારતમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક અઢી લાખ પહોંચી ગયો છે. આ સાથે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. વિશ્વમાં કુલ મૃત્યુઆંકની ૫.૯૫ લાખ સાથે અમેરિકા પ્રથમ અને ૪.૨૨ લાખ સાથે બ્રાઝિલ બીજા ક્રમે છે.

દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૩૭ લાખને પાર થઈ ગયો છે. છેલ્લા કેટલાક દિવસથી પોઝિટિવ કેસની સંખ્યા સતત વધી રહી છે અને તેની સરખામણીએ કોવિડ-૧૯ (COVID-19)ના દર્દીઓના સાજા થવાનો દર ધીમી ગતિએ વધી રહ્યો છે. ગઈકાલે દેશમાં કોરોનાના કેસમાં ૩૭,૫૭૨નો ઘટાડો થયો હતો.

વાસ્તવમાં બીજી લહેરમાં લાંબા સમય બાદ દેશમાં કોરોના વાયરસના દૈનિક કેસોથી વધુ રિકવર થનાર દર્દીઓની સંખ્યા નોંધવામાં આવી છે.

મંગળવારે કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે કોરોના વાયરસ સાથે જોડાયેલા આંકડા જાહેર કરીને જણાવ્યુ કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના વાયરસના ૩,૨૯,૯૪૨ નવા કેસ મળ્યા છે જયારે ૩,૫૬,૦૮૨ દર્દી રિકવર થઈને પોતાના ઘરે પાછા ગયા છે. જો કે, કોરોના વાયરસથી થનાર મોતનો આંકડો હજુ પણ ચિંતાજનક છે અને છેલ્લા એક દિવસમાં સંક્રમણના કારણે ૩,૮૭૬ લોકોના જીવ ગયા છે.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ આ નવા આંકડાઓ બાદ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨,૨૯,૯૨,૫૧૭ અને રિકવર થનાર દર્દીઓની કુલ સંખ્યા ૧,૯૦,૨૭,૩૦૪ થઈ ગઈ છે. દેશમાં હાલમાં કોરોના વાયરસના સક્રિય કેસ ૩૭,૧૫,૨૨૧ છે અને અત્યાર સુધી કુલ ૨,૪૯,૯૯૨ના જીવ કોરોના વાયરસના કારણે જઈ ચૂક્યા છે. વળી, દેશમાં ચાલી રહેલ રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધી કોરોના વાયરસના કુલ ૧૭,૨૭,૧૦,૦૬૬ ડોઝ આપવામાં આવી ચૂક્યા છે.

તમને જણાવી દઈએ કે દેશની રાજધાની દિલ્લીમાં પણ કોરોના વાયરસના સંક્રમણનો ગ્રાફ સતત નીચે જઈ રહ્યો છે. સોમવારે દિલ્લીમાં કોરોના વાયરસના ૧૨૬૫૧ નવા કેસ મળ્યા જયારે ૧૩૩૦૬ દર્દી રિકવર થયા. આ ઉપરાંત કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્રને પણ હવે રાહત મળતી દેખાઈ રહી છે. સોમવારે મહારાષ્ટ્રમાં સંક્રમણના ૩૭,૨૩૬ નવા કેસ સામે આવ્યા અને ૬૧,૬૦૭ દર્દી રિકવર થયા. મહારાષ્ટ્રમાં ગઈ ૩૦ માર્ચ બાદ એક દિવસમાં મળતા કોરોના વાયરસના દર્દીઓની આ સૌથી ઓછી સંખ્યા છે. વળી, દેશની આર્થિક રાજધાની મુંબઈ હવે કોરોના વાયરસની ચપેટમાંથી બહાર આવી રહી છે. સોમવારે મુંબઈમાં કોરોના વાયરસના કેસોમાં એક મોટો ઘટાડો જોવા મળ્યો અને ૧૭૮૨ નવા દર્દી મળ્યા.

## ભારતમાં સ્થિતિ ખરાબ, કોરોનાના સાચા આંકડા બતાવે સરકાર -WHO

ન્યુ દિલ્હી,તા.૧૧

ભારતમાં કોરોનાની બીજી લહેરે કહેર વરસાવ્યો છે. ભારતની બગડતી સ્થિતિ પર વિશ્વ આરોગ્ય સંગઠનના ચીફ વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામીનાથને ચિંતા વ્યક્ત કરી છે અને સાથે જ કહ્યુ છે કે ભારત સરકારે કોરોનાના સાચા આંકડા બતાવવા જોઈએ. ANIને આપેલા ઈન્ટરવ્યુમાં સ્વામીનાથને કહ્યુ કે ભારતની જે સ્થિતિ છે તેને જોતા ઈન્સ્ટીટ્યુટ ફૉર હેલ્થ મેટ્રિક્સ અ ે ન્ ડ ઈવૉલ્યુશન(આઈએચએમઈ)એ ઓગસ્ટ ૨૦૨૧ સુધી ૧૦ લાખ લોકોના મોતનુ અનુમાન લગાવ્યુ છે કે જે ચિંતા કરાવનારુ છે.

સ્વામીનાથને કહ્યુ કે ભારત અને દક્ષિણ એશિયાના બીજા દેશોમાં કોરોનાની બીજી લહેરે કહેર વરસાવ્યો છે પરંતુ આ બધા દેશોએ કોરોનાના સાચા આંકડા રજૂ નથી કર્યા કે જે યોગ્ય નથી. આ બધાએ કેસના સાચા આંકડા લોકો સામે રજૂ કરવા જોઈએ જેનાથી સાચી આકારણી અને સંશોધન થઈ શકે. સાથે જ સૌમ્યા સ્વામીનાથને કહ્યુ કે ભારતમાં હાલમાં જે કોરોનાનો જબરદસ્ત વિસ્ફોટ થયો છે તેનુ કારણ નવો વેરીઅન્ટ છે. નવો વેરીઅન્ટ પહેલાથી વધુ ફેલાતો અને જાનલેવા છે અને આના કારણે સ્થિતિ ખૂબ બગડી છે. તેમણે કહ્યુ કે આ ઘાતક વેરિઅન્ટથી બચવાની એક જ રીત છે અને તે છે વેક્સીનેશન. તેમણે કહ્યુ કે રસીકરણ અભિયાનથી જ આ કોરોના કહેર પર લગામ લગાવવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે ડબ્લ્યુએચઓએ કોરોનાના ભારતીય સ્વરૂપ(બી-૧૬૧૭)ને વૈશ્વિક સ્તરે 'ચિંતાજનક સ્વરૂપ'ની શ્રેણીમાં રાખ્યુ છે.

ઉલ્લેખનીય છે કે સ્વામીનાથન પહેલા ડબ્લ્યુએચઓની ટેકનિકલ દળના સભ્ય ડૉ. મારિયા વેન કેરખોવે પણ સોમવારે કહ્યુ હતુ કે ભારતમાં સામે આવેલ વાયરસનુ સ્વરૂપ બી-૧૬૧૭ ઘણુ ઘાતક છે જેને અમે 'ચિંતાજનક સ્વરૂપ'ની અંદર રાખ્યુ છે અને આના પર સંશોધન કરી રહ્યા છે. આના પર વૈશ્વિક સ્તર પર પણ ચર્ચા થવી જોઈએ. ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરે કહેર વરસાવ્યો છે. સેકન્ડ વેવથી સાબિત થયુ છે કે SARS-CoV-2નો પ્રત્યેક નવો સ્ટ્રેન ગયા સ્ટ્રેનની સરખામણીમાં વધુ ઘાતક છે કારણકે આનાથી ગ્રસિત થયેલ દર્દીને ખબર જ નથી હોતી કે તે સંક્રમિત થઈ ગયો છે અને આના લીધે દર્દીનો આખો પરિવાર સંક્રમણની ચપેટમાં આવી રહ્યો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૦૯૯૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૭૦૩૫૯૪**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૧૧૮**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૫૧૯૮**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૫૬૨૭૬૯**

## રાજ્યમાં 'મિનિ-લોકડાઉન' એક સપ્તાહ લંબાવાયું, ૩૬ શહેરોમાં ૧૮ મે સુધી રાત્રિ કર્ફ્યૂ

*ગાંધીનગર. તા.૧૧*

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં રાજ્યમાં કોરોના કેસોના નિયંત્રણમાં પ્રજાના સહયોગથી મળેલી સફળતા અંગે લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ બેઠક બાદ ૮ મહાનગરો સહિત ૩૬ શહેરોમાં રાત્રિના ૮ થી સવારના ૬ વાગ્યા સુધી કોરોના કર્ફ્યુ અને વધારાના મર્યાદિત નિયંત્રણો વધુ એક સપ્તાહ સુધી લંબાવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજ્યના નાગરિકો, આરોગ્ય જગતના તબીબો સૌના સહયોગ અને સહિયારા પ્રયાસોને પરિણામે ગુજરાતે કોરોના સંક્રમણ નિયંત્રણમાં કેસોના ઘટાડાની સફળતા મેળવી છે. તેમણે આ સંદર્ભમાં ઉમેર્યુ કે, ૨૭ એપ્રિલે રાજ્યમાં ૧૪,૫૦૦ જેટલા કોરોના કેસ હતા તે હવે ઘટીને ગઇકાલે ૧૧,૦૦૦ જેટલા થઇ ગયા છે.

કોર કમિટિની આ મહત્વપૂર્ણ બેઠકમાં રાજ્યમાં હાલ ૩૬ શહેરોમાં રાત્રિ કરફ્યું સહિતના રાજ્યમાં જે નિયંત્રણો ભારત સરકારના ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકા સંદર્ભમાં લાગુ કરવામાં આવ્યા છે તે અંગે પણ ગહન ચર્ચા-વિચારણા હાથ ધરાઇ હતી.

મુખ્યમંત્રીએ આ અંગે સ્પષ્ટ જણાવ્યું કે ગુજરાતમાં કોરોના કેસો વધ્યા નથી પરંતુ સમગ્ર દેશમાં કોરોના સંક્રમણની વ્યાપકતા ધ્યાનમાં લઇને ગુજરાત સરકારે રાજ્યના સૌ નાગરિકોને સલામત-સુરક્ષિત રાખવા તેમજ ઓછામાં ઓછી તકલીફ પડે તેવી હમદર્દી સાથે રાત્રિ કર્ફ્યુ અને વધારાના મર્યાદિત નિયંત્રણો વધુ એક સપ્તાહ માટે યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.

કોર કમિટિની બેઠકના આ નિર્ણય અનુસાર રાજયના ૮ મહાનગરો સહિત જે ૩૬ શહેરોમાં રાત્રિ કર્ફ્યુ ૧૧ મે-૨૦૨૧ સુધી રાખવામાં આવેલો તે ૧૨મે-૨૦૨૧ થી ૧૮ મે-૨૦૨૧ એમ સાત દિવસ માટે દરરોજ રાત્રિના ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી યથાવત અમલમાં રહેશે.

## ભારત બાયોટેક દ્વારા ૧૪ રાજ્યોને સીધી જ રસી પહોંચાડશે

ન્યુ દિલ્હી,તા.૧૧

ભારત બાયોટેકના સંયુક્ત પ્રબંધ નિદેશક સૂચિત્રા ઇલાએ જણાવ્યા મુજબ દિલ્હી અને મહારાષ્ટ્ર સહિત દેશના ૧૪ રાજ્યોને ૧લી મેથી કોવેક્સિનનો સીધો પુરવઠો પાઠવવાનું કંપનીએ શરૂ કરી દીધું છે. હૈદરાબાદ ખાતેની કંપનીએ કેન્દ્ર સરકાર દ્વારા થયેલી ફાળવણી મુજબ રાજ્યોને કોવિડ-૧૯ વેક્સિનનો સીધો પુરવઠો આપવાનું શરૂ કરી દીધું છે. ઈલાએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે,' ભારત બાયોટેકે ૧લી મે ૨૦૨૧થી ભારત સરકાર દ્વારા થયેલી ફાળવણી મુજબ આ રાજ્ય સરકારોને કોવેક્સિનનો સીધો પુરવઠો આપવાની શરૂઆત કરી દીધી છે. તે રાજ્યો તરફથી પણ ખરીદી માટે અનુરોધ મળ્યા છે અને સ્ટોકની ઉપલબ્ધતા આધારે વિતરણ કરવામાં આવશે.' કંપની ગુજરાત, આંધ્રપ્રદેશ,આસામ, છત્તીસગઢ, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા, તામિલનાડુ, તેલંગણા, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળને વેક્સિનનો પુરવઠો પૂરો પાડી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

### વિશ્વના દેશોમા હાહાકાર મચાવનાર કોરોનાની બીજી લહેરની અસર ચીનમાં કેમ નહી.....?

*૨૦૨૦ ના વર્ષમાં કોરોના વાયરસ જનક તરીકે વિશ્વના દેશોએ ચીનને જવાબદાર ઠેરવવા સાથે તેના ઉત્પાદનોનો બહિષ્કાર કર્યો હતો. અમેરિકા, યુરોપના દેશો અને ભારત સહિતના દેશો ચીનને વિશ્વના હાંસિયામાં ધકેલી દેવાના તમામ પ્રયત્નો કર્યા હતા. અ વિશ્વભરના લોકો સાથે ભારતના લોકોમાં ચીન સામે ભારે આક્રોશ ફરી વળ્યો હતો તે સાથે ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનું અભિયાન મોટા પાયે ચાલ્યું હતું... આ બધું છતાં ભારતના લોકો જાણે-અજાણે ચીનના મોબાઈલ ખરીદીમાં ગળાડુબ રહ્યા હતા....પરિણામે ભારતના મોબાઈલ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ચીનનો બની રહ્યો હતો. ચીનની શિયાળ નીતિને કોઈ દેશ સમજી શક્યું ન હતું.....! વર્ષ ૨૦૨૦માં મે-જૂન મહિનામાં ચીનનું વૂહાન કોરોનાવાયરસ સામે ઝઝૂમતુ હતું.... એક અંદાજ અનુસાર વૂહાનમાં ફોનની દોઢ કરોડથી વધારે ફોનની રિંગ વાગતી બંધ થઈ ગઈ હતી....કોઈ ઉપાડતુ નહોતું તેવી સ્થિતિ રહી હતી....!, છતાં ખંધા ચીનની શિયાળ ચાલે આ વિગતો બહાર આવવા દીધી ન હતી તો કોરોના વાયરસ બાબતે નિવેદન કરનાર ચીની વૈજ્ઞાનિક ગુમ થઈ જાય છે... જોકે કોરોનાએ વિશ્વના દેશોને ઘમરોળવામાં બાકી રાખ્યા ન હતા. ત્યારે ચીનના વૂહાન સિવાય કોરોના વાયરસની ચીનના અન્ય કોઈ પ્રાન્ત કે વિસ્તારમાં અસર થઈ ન હતી તે બાબત નોંધનીય છે. બીજી તરફ ઇટાલી, બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ, મેક્સિકો, ભારત, બ્રાઝિલ, મિડલ ઈસ્ટ, અખાતી અને આફ્રિકી દેશોમાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો હતો..... આ તમામ દેશોના અર્થતંત્રને હચમચાવી નાખ્યા હતા.... જે પૈકીના અનેક દેશો આજે ૨૦૨૧માં કોરોનાની બીજી લહેર શરૂ થઈ ત્યાં સુધીમાં પોતાના દેશની અર્થવ્યવસ્થાને પાટા પર ચડાવી શક્યા નથી....! ત્યાં ૨૦૨૧માં પુનઃ વિશ્વભરમાં કોરોનાની બીજી લહેર ત્રાટકી છે. વિશ્વના મોટાભાગનાં દેશો તેની ચપેટમા આવી ગયા છે. ત્યારે ચીનમાં તેની કોઈ અસર નથી અને ચીનનું અર્થતંત્ર તેજ ગતિએ દોડી રહ્યું છે. કોરોના ની બીજી લહેર ત્રાટક્યા પછી પણ વિશ્વની મહાસત્તાઓ સહિતના વિકાસશીલ દેશો સંગઠીત બની એ પ્રશ્ન નથી ઉઠાવી શકતા કે વિશ્વના દેશો કોરોનાથી ત્રાહીમામ્ છે ત્યારે ચીનમાં તેની અસર કેમ નથી.....?*

*વિશ્વ ભરમા ફરી એકવાર કોરોના ની બીજી લહેર હાહાકાર મચાવતા અમેરિકા સહિતના દેશોએ ચીન સામે કોરોના જનક તરીકે દોષારોપણ શરૂ કરી દીધું છે...બીજી તરફ વિશ્વના વિજ્ઞાનીઓ મૌન ધારણ કરીને બેઠા છે અને કોરોના નાયક રસી હસંશોધન તરફ વળી ગયા છે.... પરંતુ સો ટકા સફળતા મળી નથી....! કોરોનાની બીજી લહેરે કરોડો લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે અને લાખો- લાખો લોકોને મોતના ખપ્પરમાં હોમી દીધા છે. તે સાથે ચીન સિવાયના વિશ્વના દેશોના અર્થતંત્રને હચમચાવી નાખ્યા છે. ચીન આંતરરાષ્ટ્રીય હબ છે, ચીનમાં વિશ્વભરના દેશોના લોકો કમાવા- ધંધાર્થે આવતા હોય છે. અમેરિકા, ભારત, યુરોપના દેશોની કંપનીઓમા ચીની રોકાણકારો જામી પડેલા છે. ચીન વિશ્વના દેશોને ડુપ્લીકેટ ચીજવસ્તુઓ પહોંચાડતું મોટું સેન્ટર છે. વિવિધ દેશોમાં ટેકનોલોજી, એરલાઈન્સ, બંદર સહિતના વિવિધ પ્રોજેક્ટોમાં મોટા રોકાણો કરવામાં અવ્વલ છે.તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટોથી મહાસત્તાઓ પણ દંગ થઈ જાય છે. ત્યારે ભારતની વસુધૈવ કુટુમ્બકમની જે ભાવના છે તે ચીનની નથી... એક ખંધો દેશ છે, તેનું સ્વપ્ર વિશ્વની આર્થિક મહાસત્તાનું હોઈ શકે છે.....! એટલા માટે ચીન વિશ્વના દેશોને કોરોના સામે લડવા તેનુ સોશિયલ આયોજન, મેડિકલ વ્યવસ્થાતંત્ર, રસીકરણ વ્યવસ્થા કરીને કોરોનાને કાબુમાં લઇ લીધો તે બાબતે દિશા નિર્દેશ આપતું નથી તે એક હકીકત છે.....! ત્યારે વિશ્વના અર્થતંત્રનો કબજો કરવા જૈવીક હથિયાર તરીકે કોરોનાવાયરસનો ઉપયોગ તો નથી કર્યોને તેવો સવાલ વિશ્વના દેશોમાં ફરી વળ્યો છે.....!?!*

*વંદે માતરમ્,*

### છોતરા કાઢી નાખ્યા... સડેલી સિસ્ટમના ભુક્કા બોલાવી દીધા...

### કવયિત્રી પારુલ ખખ્ખરને સો તોપોની સલામી... કવિની સામાજિક પ્રતિબદ્ધતા આને કહેવાય...

એક અવાજે મડદા બોલ્યાં 'સબ કુછ ચંગા-ચંગા'
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.
રાજ, તમારા મસાણ ખૂટયા, ખૂટયા લક્કડભારા,
રાજ, અમારા ડાઘૂ ખૂટયા, ખૂટયા રોવણહારા,
ઘરેઘરે જઈ જમડાંટોળી કરતી નાચ કઢંગા
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.
રાજ, તમારી ધગધગ ધૂણતી ચીમની પોરો માંગે,
રાજ, અમારી ચૂડલી ફૂટે, ધડધડ છાતી ભાંગે
બળતું જોઈ ફીડલ વગાડે 'વાહ રે બિલ્લા-રંગા'!
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.
રાજ, તમારા દિવ્ય વસ્ત્ર ને દિવ્ય તમારી જ્યોતિ
રાજ, તમોને અસલી રૂપે આખી નગરી જોતી
હોય મરદ તે આવી બોલો 'રાજા મેરા નંગા'
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

આદરણીય શ્રી નિરૂપમભાઈ નાણાવટી ની fb પોસ્ટમાં થી સાભાર....



**પારુલ ખખ્ખર**

---

## નાંદોદ તાલુકાનું બોરીદ્રા ગામ હાલ સંપૂર્ણ કોરોના મુક્ત ગામ બન્યું

# “મારૂ ગામ કોરોના મુક્ત ગામ” અભિયાન અંતર્ગત જિલ્લાના બોરીદ્રા ગામનાં લોકોની જાગૃતિનું ઉત્તમ પરિણામ



### બોરીદ્રા ગામની પ્રાથમિક શાળાના SMC સમિતિના સભ્ય એ પ્રાથમિક શાળાના કોવિડ કેર સેન્ટર ખાતે ઓક્સિજનની ૧૫૦ કિ.ગ્રામની બે બોટલ આપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું

રાજપીપલા,તા.૧૧

નર્મદા જિલ્લામા કોરોનાના કેસોનું પ્રમાણ વધ્યું છે.અત્યાર સુધીમાં નર્મદા મા ૩૬૧૫ કોરોનાના કેસો થઈ ચુક્યા છે. અને હવે રોજ હવે ૪૦ની એવરેજથી કેસો મા વધારો થઈ રહ્યો છે.જે ચિંતાનો વિષય બન્યો છે. જિલ્લાના પાંચ તાલુકામા રોજેરોજ કોરોનાના કેસો નોંધાઈ રહ્યા છે ત્યારે તંત્ર કોરોના સંક્ર્મણ ઘટાડવા યથાયોગ્ય પ્રયત્ન કરી રહી છે. ત્યારે નાંદોદ તાલુકાનું નાનકડું ગામ બોરીદ્રા ગામ એક એવુ ગામ છે જયાં આજની તારીખે ગામમાં એક પણ કોરોનાનો કેસ નથી. અર્થાત આજની તારીખે બોરીદ્રા ગામ સંપૂર્ણ કોરોના મુક્ત ગામ બન્યું છે.

આ અંગે ગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અનિલ મકવાણાએ જણાવ્યું છે કે છેલ્લા દોઢ વર્ષથી જયારથી કોરોનાની મહામારી જિલ્લામા શરૂ થઈ હતી. ત્યારથી જ અમે ગામ કોરોના સંક્રમિત ન થાય તે માટેજાગૃતિ ના કાર્યક્રમો શરૂ કર્યા હતા. શાળાઓ બંધ હોવાથી ઓન લાઈન શિક્ષણ હું જાતે બાળકો ને આપતો. અમારા ગામ મા નેટનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો હું બાળકો ને ઘરે જઈને કોવીડ ના નિયમો અને સરકારની ગાઈડ લાઈન નો ઉપયોગ કરીને શિક્ષણ આપતો. અને સ્કૂટર પર હરતી ફરતી શાળા ચાલુ કરી કોરોના જાગૃતિ નો સંદેશો આપી. માસ્ક પહેરો, સાબુથી હાથ ધૂવો. સોસીયલ ડિસ્ટન્સ જાળવો, કામ વગર ઘરની બહાર ન નીકળો એની ઘરે ઘરે જઈને સમજૂતી આપતો. અમારા ગ્રામજનો પણજાગૃત બન્યા અને કોવીડ ના નિયમોનું પાલન કર્યું. જેને કારણે ગ્રામ જનો કોરોના સંક્ર્મણથી બચી ગયા. જોકેબોરીદ્રા ગામમાં આજદિન સુધી માત્ર ત્રણ જ વ્યક્તિ કોરોનાથી સંક્રમિત થયા હતાં. પણ તેઓએ જે તે સમયે સમયસર સારવાર લઇહોમ આઈસોલેટ કરી સારવાર કરતા આજે સંપૂર્ણપણે સ્વસ્થ છે. અને હવે આજની તારીખે અમારા ગામમા એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી. આજે અમારું આખુ સંપૂર્ણ ગામ કોરોના મુક્ત બની ગયું છે એનો અમને વિશેષ આનંદ છે.

હાલ સમગ્ર ગુજરાતમાં “મારૂ ગામ કોરોના મુક્ત ગામ” ના હાથ ધરાયેલાં રાજયવ્યાપી અભિયાન અંતર્ગત સામાન્ય લક્ષણો ધરાવતા દરદીઓને ગ્રામ્યકક્ષાએ જ સમયસર સારવાર મળી રહે તે માટે નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં જ કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાયુ છે, જે અંતર્ગત નાંદોદ તાલુકાના અંતરિયાળ અને પહાડી વિસ્તારમાં આવેલ બોરીદ્રા ગામના મુખ્ય શિક્ષક અનિલભાઇ મકવાણા, શાળાના જીસ્ઝ સમિતિના સભ્ય અને ગામના અગ્રણી સુકાભાઇ વસાવા તેમજ બોરીદ્રા ગામના ૧૦ સભ્યોની જનભાગીદારી થકી બોરીદ્રા ગામના લોકોની સજાગતાથી નોંધપાત્ર કામગીરી થયેલ છે. “મારૂ ગામ કોરોના મુક્ત ગામ” અભિયાન ગ્રામ્યકક્ષાએ આશિર્વાદ રૂપ બન્યું છે.

ગામના સરપંચ શ્રીમતી અલીન્દાબેન વસાવાએ ૯ બેડ, શાળાના મુખ્ય શિક્ષક અનિલભાઇ મકવાણાએ ૯ બેડના ગાદલા,ઓશિંકા અને શાળાના જીસ્ઝ સમિતિના સભ્ય અને ગામના અગ્રણી સુકાભાઇ વસાવાએ જરૂરીયાતમંદ લોકોને સમયસર અને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ગામની પ્રાથમિક શાળાના કોવિડ કેર સેન્ટર ખાતે ઓક્સિજનની ૧૫૦ કિ.ગ્રાની બે બોટલ આપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણપણ પુરૂં પાડ્યું છે. તેની સાથોસાથ બોરીદ્રા ગામની પ્રાથમિક શાળા ખાતે નાંદોદ તાલુકાના આયોજન-સહ અને તાલુકા વિકાસ અધિકારી એમ.બી.વસાવાએ ગામના આગેવાનો સાથે “મારૂ ગામ કોરોના મુક્ત ગામ” અભિયાન અંગે તાજેતરમાં બેઠક યોજીને કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને માહિતી આપી હતી ત્યાર બાદ ૩૦૦ જેટલાં માસ્કનું ડોર ટુ ડોર સર્વેલન્સમાં શાળા બાળકો અને ગામના લોકોને વિના મૂલ્યે વિતરણ પણ કર્યું હતું.

બોરીદ્રા ગામમાં શિક્ષણનું પ્રમાણ સારું છે તેની સાથે સાથે લોકોની સમજદારી પણ સારી છે . ગામની વસ્તી અંદાજે ૯૫૦ જેટલી છે જેમાં સરકાર દ્વારા નિયત કરાયેલાં ૪૫ થી વધુ વયના ૭૦ ટકા લોકોએ વેક્સીન લઈ લીધી છે

નાંદોદ તાલુકાના આયોજન-સહ અને તાલુકા વિકાસ અધિકારી એમ.બી.વસાવાએ બોરીદ્રા ગામની મુલાકાત લેતા જણાવ્યું હતું કે, બોરીદ્રા ગામની પ્રાથમિક શાળા ખાતે જનભાગીદારી થકી કોવિડ કેર સેન્ટરની સુંદર પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ડોર ટુ ડોર સર્વેલન્સ, વેક્સીનેશનની કામગીરી થઇ રહી છે જે જનભાગીદારી દ્વારા જ શક્ય બન્યું છે

બોરીદ્રા ગામના મુખ્ય શિક્ષક અનિલભાઇ મકવાણાએ કહ્યું હતું કે, સરકારના “મારૂ ગામ કોરોના મુક્ત ગામ” થકી જ અમે બોરીદ્રા ગામમાં કોરોનાનું સંક્રમણ અટકાવી શક્યા છીએ.લોકોને પણ સમયસર વેક્સીન લેવાં ઉપરાંત સામાન્ય લક્ષણો ધરાવતા દરદીઓને અમારા ગામના કોવિડ કેર સેન્ટર ખાતે હોમ આઇસોલેટ થઇને સારવાર લેવાનું પણ સમજાવી રહ્યાં હોવાની સાથે એક પણ કોવિડ-૧૯ નો કેસ હાલ ન હોવાનું તેમણે જણાવ્યું હતું.

બોરીદ્રા ગામની પ્રાથમિક શાળાના જીસ્ઝ સમિતિના સભ્ય સુકાભાઇ વસાવાએ જણાવ્યું હતું કે બોરીદ્રા ગામ હાલ કોરોના મુક્ત ગામ બન્યું છે. અમારા ગામમાં જો કોઇ સંક્રમિત થશે તો તેમના માટે કોવિડ કેર સેન્ટર ખાતે તમામ પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ કરાઇ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

બોરીદ્રા ગામના સરપંચ શ્રીમતી અલીન્દા બેન વસાવા, શાળાના મુખ્ય શિક્ષક અનિલભાઇ મકવાણા, લીમટવાડાના સીઆરસી વાસુદેવભાઇ રાઠવા સહિતની ટીમ દ્વારા બોરીદ્રા ગામના લોકોને ઘરે ઘરે જઇને અવશ્ય માસ્ક પહેરવા, વારંવાર હાથ ધોવા તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલનું પણ ગામ લોકોને સમજાવી રહ્યાં છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

---

# રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જગતપ્રકાશ નડ્ડા દ્વારા કોંગ્રેસનાં શ્રીમતી સોનિયા ગાંધીને લખેલ પત્રના મુખ્ય મુદા

ભારતે રસીકરણની જે વ્યૂહરચના અપનાવી છે તે વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ પૈકી એક છે. આપણે જાન્યુઆરી મહિનાથી જ રસીકરણનો પ્રારંભ કરી દીધો હતો અને સુનિશ્ચિત કર્યું હતું કે કોરોના યોદ્ધાઓને સૌથી પહેલાં રસી મળે. તેને કારણે કોરોના રોગચાળાના બીજા તબક્કાનો સારી રીતે મુકાબલો કરવામાં આપણને મદદ મળી.

ભારતમાં યુવાનોને રસી આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે, જ્યારે પશ્ચિમના ઘણા દેશોએ હજુ તેમની યુવા પેઢીને રસી આપવાનું શરૂ પણ નથી કર્યું એ તમે સારી રીતે જાણતા હશો તેની મને ખાતરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સરકારના તમામ વિભાગ સાથે ગાઢ સંકલનમાં કામ કરી રહ્યા છે. તબીબી સુવિધાઓ વધારવાની બાબતને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે અને એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે કોરોનાનો ભોગ બનેલા લોકોને પૂરતી સારવાર સુવિધા મળે.

૨૦૨૦માં આઠ મહિના સુધી ભારત સરકારે ૮૦ કરોડ ભારતીયોને નિઃશુલ્ક રાશન પૂરું પાડ્યું હતું. એ જ કામગીરી હજુ પણ ચાલુ જ છે.

કોરોના વાયરસ સામેના યુદ્ધમાં વડાપ્રધાન દેશના તમામ મુખ્યપ્રધાનોની સાથે પણ ગાઢ સંકલનમાં કામગીરી કરી રહ્યા છે.

પણ આવા પડકારજનક સમયે કોંગ્રેસ પક્ષની વર્તણૂંકથી મને આશ્ચર્ય નહીં પણ દુઃખ થયું છે.

તમારા પક્ષના કેટલાક ટોચના નેતાઓ સતત નકારાત્મકતા ફેલાવીને અન્ય લોકોની કામગીરીને ધૂળમાં મેળવી રહ્યા છે.

ભારત કોવિડ-૧૯નો મુકાબલો કરી રહ્યો છે ત્યારે કોંગ્રેસના ટોચના નેતાઓએ લોકોને ગેરમાર્ગે દોરવાનું, ખોટો ભય ફેલાવવાનું તેમજ માત્ર રાજકીય કારણોસર તેમના વલણ બદલી નાખવાનું બંધ કરી દેવું જોઇએ.

રસી બાબતે દેશમાં કોઈપણ જાતની અનિશ્ચિતતા નહોતી તેમછતાં કોંગ્રેસ પક્ષે આવા ગંભીર રોગચાળાની સ્થિતિમાં પણ લોકોના મનમાં આશંકાઓ ઊભી કરવાનો પ્રયાસ કર્યો.

ભારત સરકારે સુનિશ્ચિત કર્યું છે કે પ્રથમ થોડા તબક્કામાં જ રાજ્યોમાં ૧૬ કરોડ વેક્સિન પૂરી પાડીને પ્રાથમિકતા ધરાવતા જૂથોનું રસીકરણ કરવાનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે.

ભાજપ અથવા એનડીએ શાસિત રાજ્યોએ નિઃશુલ્ક વેક્સિન આપીને ગરીબો તેમજ વંચિતોની મદદ કરવાની પ્રતિબદ્ધતા જાહેર કરેલી છે. શું તમે નિઃશુલ્ક રસી આપવાનો નિર્ણય લેવા તૈયાર છો?

ભારતમાં બનેલી કોવિડ-૧૯ વેક્સિન કોઈ રાજકીય પક્ષ અથવા નેતાની નથી, તે રાષ્ટ્રની છે. છતાં કોંગ્રેસ પક્ષ યોગ્ય પગલાં લેવાને બદલે ખોટું રાજકારણ રમી રહ્યો છે.

અત્યાર સુધીમાં આશરે ૪૫,૦૦૦ વેન્ટિલેટરનું નિર્માણ થયું છે અને તમામ રાજ્યોને મોકલી આપવામાં આવ્યા છે. પરંતુ પીએમ-કેર ફંડ હેઠળ મોકલવામાં આવેલા વેન્ટિલેટર કેટલાક રાજ્યમાં ખૂણામાં પડી રહેલા જોઇને દુઃખ થાય છે. આશા રાખું છું કે તમે આ મુદ્દો પ્રથામિકતાના ધોરણે હાથ ધરશો.

રોગચાળા વિરોધી જંગ દરમિયાન કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રાહુલ ગાંધી સહિત ટોચના કોંગ્રેસના નેતાઓની વર્તણૂંકને બેવડાં ધોરણો અને છીછરાપણા માટે યાદ રાખવામાં આવશે. પંજાબ જેવા રાજયમાં મૃત્યુદર આટલો વધારે શા માટે છે? આ પ્રશ્નો તમારે તમારા પોતાના મુખ્યપ્રધાનોને પૂછવા જોઈએ.

ભૂતપૂર્વ લોકસભા અધ્યક્ષ મીરા કુમારે પોતે સંસદના નવા મકાનની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

કોંગ્રેસને હકીકતોમાં રસ નથી. પ્રજા હવે કોંગ્રેસના સેન્ટ્રલ વિસ્ટા યોજના અંગેના વલણ અને સામે છત્તીસગઢ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા નવી વિધાનસભાના મકાન બાબતે પ્રશ્ન ઉઠાવી રહ્યા છે.

દેશની સુપ્રીમ કોર્ટે પણ નિરીક્ષણ કર્યું છે કે, દેશમાં આરોગ્યની માળખાગત સુવિધાનો ૭૦ વર્ષનો વારસો અપૂરતો છે. ત્યારે એ કહેવાની જરૂર નથી કે આ સાત દાયકામાં કયો રાજકીય પક્ષ ભારતમાં મોટેભાગે શાસન કરતો હતો.

આપણો મેડિકલ સ્ટાફ જે બલિદાનો આપે છે જેને કારણે અન્ય લોકો તંદુરસ્ત રહી શકે એ મેં નજીકથી જોયું છે. તેઓ તેમનું જીવન હોડમાં મૂકે છે જેથી અન્ય ભારતીયો તેમના પરિવારો સાથે રહી શકે.

સોનિયા ગાંધીને સણસણતા પ્રશ્નોઃ-

કોવિડ યોદ્ધાઓના નૈતિક બળને નબળું પાડવાનો આ સમય છે?

જાણી જોઇને અથવા અન્ય રીતે શું તમારાં પગલાં કોવિડ-૧૯ વિરુદ્ધની લડાઈને નબળી તો નથી પાડી રહ્યાંને?

હજુ તો એપ્રિલ મહિનામાં જ કોંગ્રેસના ટોચના નેતાઓ “રસીકરણનું વિકેન્દ્રીકરણ” કરવાની માગણી કરતા હતા. શું કોંગ્રેસ પક્ષ અને તે જે રાજ્યોમાં શાસન કરે છે તેના વચ્ચે આટલી મોટી કોમ્યુનિકેશન ગૅપ છે?

વિવિધ રાજયોમાં કોંગ્રેસની સરકાર પણ ગરીબોની મદદ કરવા આગળ આવશે. શું તમે નિઃશુલ્ક રસી આપવાનો નિર્ણય લેવા તૈયાર છો?

પંજાબ જેવા રાજયમાં મૃત્યુદર આટલો વધારે શા માટે છે?

નોંધઃ- આ સાથે અસલ પત્રનો ગુજરાતી અનુવાદ સામેલ છે.

---

### બનાસકાંઠા જિલ્લો રસીકરણમાં આખા દેશમાં પહેલા નંબરે, ૯૮% લોકોએ લીધી વેક્સીન

પાલનપુર,તા.૧૧

હાલ સમગ્ર ગુજરાતમાં પૂરજોશમાં વેક્સીનેશન ચાલી રહ્યું છે. ત્યારે બનાસકાંઠા જિલ્લો ૪૫ વર્ષથી વધુના ૯૮ ટકા લોકોના રસીકરણ સાથે દેશમાં વેક્સીનેશનમાં મોખરે બન્યો છે. બનાસકાંઠામાં ૪૫ વર્ષથી ઉપરની ૬.૧૭ લાખની વસ્તીમાં ૬.૦૪ લાખ લોકોએ વેક્સીનનો પહેલો ડોઝ લઈ લીધો છે. સાથે જ જિલ્લામાં રસીકરણ કેન્દ્રો ઉપર અને ગામેગામ ફરીને કરાતાં વધુ લોકોએ રસી લીધી છે. આ ચમત્કાર માત્ર એક જ મહિનામાં થયો છે. એક જ મહિનામાં અધિકારીઓએ વ્યૂહાત્મક આયોજન ઘડીને ૬.૧૭ લાખની વસતિ સામે ૬.૦૪ લાખ કરતાં વધુ લોકોને ઓછામાં ઓછો પહેલો ડોઝ આપી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લાના પ્રભાવી સચિવ વિજય નહેરા છે. જેઓ અમદાવાદના પૂર્વ કમિશનર હતા. જેમના માર્ગદર્શન હેઠળ હાલ વેક્સીનેશન કાર્યક્રમ ચાલી રહ્યુ છે. બનાસકાંઠામાં રોજ ૫૦ થી ૫૫ હજાર સરેરાશ વેક્સીન અપાય છે. આ લક્ષ્યાંક સાથે કામ કરતા એક જ મહિનામાં બનાસકાંઠા જિલ્લો ન માત્ર ગુજરાતમાં, પરંતુ સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબરે આવી ગયો.

---

# કોરોના કાળમાં રુગ્ણાલયો દ્વારા થનારી ફસામણીના વિરોધમાં સંગઠિત થઈને લડત આપો ! - આરોગ્ય સહાય સમિતિ

કોરોનાને કારણે દર્દીની સ્થિતિ ગંભીર હોય ત્યારે દર્દી બચી જાય, તે માટે આપણે કોઈપણ પરવા કર્યા વિના તે દર્દીને રુગ્ણાલયમાં દાખલ કરીએ છીએ; પરંતુ આપણા શાસને નિર્ધારિત કરેલા રુગ્ણસેવાના દર, આવશ્યક ઔષધિઓ, પર્યાયી ઔષધિઓ, આપણા અધિકાર, વર્તમાન કાયદા ઇત્યાદિ જાણતા ન હોવાથી આપણી મોટા પ્રમાણમાં લૂંટફાટ ચાલુ થાય છે. આ અડચણના સમયે અનેક લોકો માનસિક રીતે ઢીલા થઈ જઈને લડવાનો વિચાર છોડી દે છે. તેથી લૂંટફાટ કરનારાઓનું ફાવે છે. આવા સમયે આપણે ઉપલબ્?ધ કાયદાઓ અને ઔષધોપચાર વિશે યોગ્ય જાણકારી લેવાથી આપણી ફસામણ ટળી શકે છે. એ માટે કોરોના કાળમાં થનારી ફસામણીના વિરોધમાં સંગઠિત રીતે લડવું જોઈએ. આપણે જિલ્?લાધિકારી, મહાનગરપાલિકા આયુક્ત અને પોલીસ પાસે ફરિયાદ કરીને દોષીઓ પર કાર્યવાહી કરવા માટે પ્રયત્ન કરી શકીએ, એવું પ્રતિપાદન આરોગ્ય સહાય્ય સમિતિના મુંબઈ જિલ્?લા સમન્વયક ડૉ. ઉદય ધુરીએ કર્યું. તેઓ 'આરોગ્?ય સહાય્?ય સમિતિ' વતી આયોજિત 'કોરોના કાળમાં ફસામણીના બલિ : આપણા અધિકાર ઓળખો !', આ 'ઑનલાઈન વિશેષ પરિસંવાદ'માં બોલી રહ્યા હતા. આ સમયે પુના ખાતેના 'શ્રીમતી કાશીબાઈ નવલે મેડિકલ કૉલેજ અને જનરલ હૉસ્પીટલ'ના ઘેનશાસ્ત્ર તજજ્ઞ (anaesthetist) ડૉ. જ?યોતિ કાળે પણ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ કાર્યક્રમ હિંદુ જનજાગૃતિ સમિતિના Hindujagruti.org સંકેતસ્થળ પરથી તેમજ 'ટ્વીટર' અને 'યુ-ટ્યૂબ'ના માધ્?યમો દ્વારા પ્રસારિત કરવામાં આવ્?યો. આ કાર્યક્રમ ૬૬૩૨ લોકોએ નિહાળ્યો.

આ પરિસંવાદના પ્રારંભમાં હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય માર્ગદર્શક સદ્‌ગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળેના સંદેશનું વાચન કરવામાં આવ્યું. 'સમાજવ્યવસ્થા ઉત્તમ રાખવી, એ પ્રશાસનનું કર્તવ્ય છે; પરંતુ પ્રશાસન અને સમાજવ્યવસ્થા ભ્રષ્?ટ થઈ હોવાથી આપણે તેના વિરોધમાં અવાજ ઊઠાવવો પડશે', એવું તેમણે તેમના સંદેશમાં કહ્યું. આ સમયે સમગ્ર દેશના વિવિધ રાજ્યોમાંના કેટલાક દર્દીઓ તેમજ દર્દીઓના સગાંસંબંધીઓએ તેમની કેવી રીતે લૂંટફાટ કરવામાં આવી, તેના અનુભવ કથન કર્યા.

તેમજ કેટલાક દર્દીઓને સમયસર ઉપચાર ન આપવાથી તેમનું મૃત્યુ થયું હોવાનું પણ તેમણે કહ્યું. આ વિશે બોલતી વેળાએ ડૉ. ધુરીએ આગળ ઉમેર્યું કે, ખાનગી રુગ્ણાલયોમાં પ્રચંડ લૂંટફાટ ચાલુ છે. આવી લૂંટફાટ કરનારા થાણા જિલ્લામાં 'થાણા હેલ્?થકેર' અને 'સફાયર' આ બન્ને રુગ્?ણાલયોના વિરોધમાં 'આરોગ્ય સહાય સમિતિ'એ થાણા મહાનગરપાલિકા આયુક્ત પાસે ફરિયાદ કરી હતી. આ બન્?ને રુગ્?ણાલયો દ્વારા ૧૬ લાખ રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવ્?યો છે; પણ આવા રુગ્ણાલયો પર ફોજદારી ગુનો દાખલ કરીને તેમને દર્દીઓના પૈસા પાછા આપવાની ફરજ પાડવામાં આવવી જોઈએ, તો જ જનતાને ખરા અર્થમાં ન્યાય મળશે. તે માટે આપણે 'ગ્રાહક મંચ' પાસે ફરિયાદ કરવી જોઈએ. 'રેમડેસિવિર' ઈંજેક્?શન વિશે બોલતી વેળાએ ડૉ. જ?યોતિ કાળેએ કહ્યું કે, 'રેમડેસિવિર' ઈંજેક્શન માટે જીવનરક્ષક તરીકે માન્?યતા નથી. ગંભીર દર્દી ન રહેલાઓને પ્રારંભના કાળમાં આ ઈંજેક્શનનો લાભ થાય છે; પણ આ ઈંજેક્શનને 'ફૅબીફ્લૂ, ફૅબીપીરૅવીર, સ્ટેરૉઈડ, પ્રતિજૈવિક (ઍન્ટી-બાયોટિક), ઑક્સિજન ઇત્?યાદિ અનેક પર્યાય છે. આ સર્વ પર્યાયી ઔષધિઓથી દર્દીઓ સાજા થાય છે. આ બાબત પ્રશાસન અને વૈદ્યકીય સંગઠનોએ જનતાને કહેવી જોઈએ. આ સમયે લોકોએ પોતાના અનુભવ 'આરોગ્ય સહાય સમિતિ'ને જણાવવા, એવું આવાહન પણ કરવામાં આવ્?યું.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા
ચાર ગદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : "જીત - હાર,વિજય - પરાજય".
તેમજ
"માં" વિષયક રચનાઓ. દિવસ - ૨
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS NO: 0099
વિષયઃ હાર-જીત,જય-પરાજય
પ્રકારઃ પદ્ય
શીર્ષક : 'મારી જીત છે'
હું જેને ભૂલવા મથું છું, એ મારો અતીત છે,
સંસ્મરણો વાગોળીને હદય મારું વ્યથિત છે,
વર્તમાનમાં રહીને હું જીવું,એ જ મારી જીત છે.
પાછળ રહી ગઈ એ કેવળ પૂર્વગ્રહની ભીત છે,
જેની છાપ આજે પણ મારા મનમાં અંકિત છે,
વર્તમાનમાં રહીને હું જીવું,એ જ મારી જીત છે.
આગળનું વિચારી,પાછલું વીસરવું એ રીત છે,
સમય સાથે ચાલવું એ જીવનનું સાચું ગીત છે,
વર્તમાનમાં રહીને હું જીવું,એ જ મારી જીત છે.
અગ્નિના ફેરા થકી બંધાઈ,એ મારી સાચી પ્રીત છે,
એ જ મારું રૂદન અને ક્યારેક મળતું સ્મિત છે,
વર્તમાનમાં રહીને હું જીવું,એ જ મારી જીત છે.
ભાવનાબેન મિસ્ત્રી 'અભય'

---

NOG સાહિત્ય સરિતા
NOG SS NO :- 0090
પ્રકારઃ પદ્ય
વિષયઃ હાર, જીત ઉપર કવિતા
શીર્ષકઃ ઈશ્વરને પ્રાર્થના
હે ઈશ્વર,
તું એટલો મોટો
માસ્ક બનાવ
કે આખી પૃથ્વીને
માસ્ક પહેરાવી શકાય.
હે ઈશ્વર,
તું આખી પૃથ્વી પર વરસાદની જેમ
એટલો સેનેટાઇઝરનો છંટકાવ કર કે
પૃથ્વી પર કોરોનાનો એક પણ વાઇરસ જીવિત ન રહે.
હે ઈશ્વર, તું આ વિશ્વને કોરોનામાથી મુક્ત કર. અને હરાવ પ્રભુ,
આ કોરોના રાક્ષસના
જંગમા જીત તો તારી જ થશે પ્રભુ.
દીપક જગતાપ

---

NOG SS NO : 0037
વિભાગ - પદ્ય
વિષય :હાર, જીત,વિજય, પરાજય.
શીર્ષક - જિંદગી એક જંગ.
જન્મ મરણ વચ્ચે,જિંદગી એક જંગ...!
હર ક્ષણ ઝઝૂમવું પડે, પડકારો સંગ...!
વિભૂના આ ઉપવનમાં, ફૂલડાં અપાર...!
કંટક સાથે દોસ્તી કરે, એજ મહેકે...!
શ્વાસે શ્વાસે, ક્ષણે ક્ષણે જંગ અહીયા..!
દેહ,તો આપણો નથી,જીત આત્મા સાથે..!
નર, નારાયણ,આવ્યાં અને અગણિત ગયાં...!
સંબંધો બધાં સ્વાર્થના,સુવાસ છોડી જવાનાં..!
હાર,જીતનો સવાલજ ક્યાં,શું લઈ આવ્યાં હતાં..?
મુસાફરી કરી,નક્કી અનંત વાટે, એકલા જવાના...!
જીત પણ એવી,હારનાર હાર પર ગર્વ કરે...!
મળ્યો હતો માનવી મને,જેના મોલ ન થાય..!
હાર,પણ ફૂલો જેવી,ખુદ વીંધાય, ગળે મળે...!
જીત, હાર,જય,પરાજય, લક્ષ્ય જિંદગીનું નહીં..!
કર્મથી,વાણીથી,સ્વભાવથી,લોકોના...!
હૃદય ઉપર રાજ કરવું એ સાચો વિજય...!
હેમલતા દિવેચા.જૂનાગઢ

---

NOG SS NO - 0091
વિષય-હાર જીત, જીત પરાજય
પ્રકાર - પદ્ય
શીર્ષક-યાચું તને ભગવાન
રોજ તને હું ભજુ, યાચું તને ભગવાન.
ગુણલા તારાં રોજ ગાઈએ, પૂરાં કરજે કામ.
પ્રેમને વરસાવીએ, રાખીએ દિલને સાફ.
ભૂલો ક્યારેક કરીએ તો, કરજે અમને માફ.
ઝાઝું ક્યારેય માંગું નહિં, નસીબનું દેજો આપ.
ભૂખ્યાં કોઇ સુવે નહી ને પરિવાર પોષાય.
સાધુ સંતોને અતિથિ, ભૂખ્યા ક્યારેય ન જાય.
ઈશ્વર તને નમીને માંગુ જોડી હાથ.
કરવા દેજો સારા કાર્યો, મન વાણી ને હાથ.
વિચાર વાણી ને વર્તનથી પામું સૌનો પ્રેમ.
દુશ્મન પણ બંને મિત્ર ઇચ્છું કુશળક્ષેમ.
હારજીત ને વેરભાવથી દૂર રહું સદાય.
હું સૌના દિલમાં રહું ને સૌને કરું સહાય.
જિજ્ઞાસા યુ જોષી, “ શુક”

---

NOG SS No : 0092
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ-હાર-જીત
"જીવનને હર તબક્કે એક પડાવ આવે છે,
ક્યારેક જીત લાવે છે તો ક્યારેક હાર લાવે છે.
પળો હોય વશમાં ને
લાગે બાજી છે મારા જ હાથમાં,
સરી જાય જેમ મુઠ્ઠીમાંથી રેત,
એમ પછડાટ વાગે છે.
કદીક હાર હોય હાથવેંતમાં
ને મન નિરાશાની ગર્તામાં,
મળી જાય જીત તો કુદરતનો જ ચમત્કાર લાગે છે.
જીવન શું છે? હાર-જીતનો સરવાળો,
કદીક ચમત્કાર તો કદીક નસીબનો ધુત્કાર લાગે છે."
અલકા મહેતા,ગાંધીનગર..

---


NOG SS No : 0032
વિષયઃ- હાર,જીત, વિજય ,પરાજય
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ પચરંગી દુનિયા
જીતવી છે દુનિયા મારે જીતવી છે.
પચરંગી દુનિયા મારે જીતવી છે..
પચરંગી દુનિયાનાં માનવી અવનવાં.
માનવીનાં હોઠે સુખદુખની વાતો. .......
મતલબી દુનિયા મારે જીતવી છે
મતલબીદુનિયાની મતલબી છે વાતો..
વાતોને વાતોમાં દંભની છે વાતો...
મતલબી દુનિયા મારે જીતવી છે.
લાખો,કરોડોની વાતો છે માનવીને
કેટલા દીધાં કેટલા લીધાં........
મતલબી દુનિયા મારે જીતવી છે.
પ્રભુનાં નામની માળાનાં જપવી .
પ્રભુનાં ભંડારામાં કેટલા દીધાં,
એની શેરીએ શેરીએ કરવી વાતો.
મતલબી દુનિયા મારે જીતવી છે.
દિવસ અને રાતની વાતો છે જુદી,
કેટલા બંગલા અને કેટલી ગાડીઓ.....
મતલબી દુનિયા મારે જીતવી છે.
ચોરે અને ચૌટે વાતો છે મોટી મોટી.
સ્વાર્થની વાતો કરવી.
મતલબી દુનિયા મારે જીતવી છે
પચરંગી દુનિયા મારે જીતવી છે.
મીના માંગરોલીયા.,અમદાવાદ

---

NOG SS No : 0044
પ્રકાર : પદ્ય
વિષયઃ- માતૃદિનની શુભેચ્છા.
માવડી મારી
વહાલ કરી સદા
રાખતી ખુશ.
ઓચિંતી ચાલી ગઈ!
રહી ગઈ ઝૂરતી.
વહાલ ભર્યું
માડી તારું ચૂંબન
લાગે મીઠડું.
સાસરીયે આવતાં
વિસરાયું ચૂંબન!
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS No - 0050
વિષય- મધસે ડે
પ્રકાર -પદ્ય મૌલિક રચના
શીષેક- પ્યારી મા
ઈશ્વરની અદભૂત રચના એટલે મા..!
"મા તે મા બીજા બધા વગડાના વા"
મા શબ્દ બોલતાં શરીરમાં એક રોમાંચ આવી જાય..!
દીકરો હોય કે દીકરી પ્રથમ શબ્દ રૂપે "મા " જ બોલે..!
મા તો મમતાનો સાગર ,
કરુણાની મૂર્તિ, ત્યાગની મૂર્તિ, બલિદાનની મૂર્તિ ,પ્રેમની મૂર્તિ , વહેતું સદાય રહે પ્યારનું ઝરણું..!
મા એક એવુ પ્રેમનું ઝરણું..!
તે કદીએ ના બોલે જ નહી..!
ને ક્યારેક પોતાની પીડા પણ વ્યક્ત ના કરે..!
નિઃસ્વાથે પ્રેમનો વરસાદ વરસાવે..!
ભગવાન તરસે છે..!
મા ના પ્રેમ માટે..! એટલે જ તો સમયે સમયે પૃથ્વી પર જન્મ લે છે ..!
દરેક ખુશી દુનિયાની એક તરફ..!
અને "મા " ની ખુશી એક તરફ..!
કહેવાય છે..!
"છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય ."
સંતાનોનું ઘડતર, સમાજનું ઘડતર ઘડનાર "મા " જ છે...!
સંતાન તરફથી પ્રેમ ને બદલે તિરસ્કાર સહારો ન મળે તો પણ..!
બદલા મા પોતાનાં સંતાનોને આશીર્વાદ આપે છે..!
તેને ક્યારેય વૃદ્ધાશ્રમ નો દરવાજો ન દેખાડતાં કદી..!
નહી તો તૂટી જશે ભાંગી જશે..!
" મા " થી મોટું કોઈ નથી..!
છે ને તો ખાલી "મા "લખાય બીજું કાંઇ નહી..! એતો સદાય દેતી આશિષ..!
રાગીની શુક્લ "રાગ"
મુંબઈ, કાંદિવલી સ્વ રચીત છે..!
રાગિણી શુક્લ (રાગ).મુંબઈ




## પોરબંદરમા કાર્યરત ઓક્સીજનના બે પ્લાન્ટ મારફત દર્દીઓને મળે છે પ્રાણવાય

પોરબંદરમાં આવેલા ઓકસીજનના બે પ્લાન્ટ મારફત જિલ્લામા સારવાર લઇ રહેલા દર્દીઓને પ્રાણવાયુ પુરો પાડવામાં આવે છે. દરરોજ અંદાજે ૧૧૦૦ જેટલા સીલીન્ડર ભરીને કર્મચારીઓ દિવસ રાત સખત મહેનત કરી રહ્યા છે. સીધ્ધી સેલ્સ કોર્પરેશનમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા લખનસિંહ સોલંકીએ કહ્યુ કે, કોરોના અગાઉ આખા દિવસમાં ફક્ત બે કલાકનું કામ રહેતું. અત્યારે ૨૪ કલાક પ્લાન્ટ ચાલુ રહે છે.

પોરબંદર જિલ્લામાં આવેલી કોવિડ હોસ્પિટલો, કોવિડ કેર સેન્ટર્સ ખાતે સારવાર લઇ રહેલા દર્દીઓને પ્રાણવાયુ પુરો પાડવા માટે પોરબંદરમાં કાર્યરત બે પ્લાન્ટ ૨૪ કલાક ચાલુ રહે છે. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી વિવેક ટાંકે કહ્યુ કે, કૃપા કાર્બોનિક પ્લાન્ટ અને સીધ્ધી સેલ્સ કોર્પરેશન પ્લાન્ટ મારફત હોસ્પિટલો અને કોવીડ કેર સેન્ટરર્સમાં દરરોજ અંદાજે ૧૧૦૦ જેટલા સીલીન્ડર પુરા પાડવામાં આવે છે. દેખરેખ અને વ્યવસ્થાના ભાગરૂપે પ્લાન્ટમાં રેવન્યુ અને પોલીસના કર્મચારીઓને પણ ૨૪ કલાકની ડ્યુટી સોપવામા આવી છે. જરૂરીયાત ધરાવતા દરેક દર્દીને પુરતુ ઓકસીજન મળી રહે તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે.

સિદ્ધિ સેલ્સના ધીરેનભાઈ શાહે કહ્યું કે, અમારા પ્લાન્ટમાં બે ફિલિંગ પમ્પ છે. એક ફીલિંગ પંપમાં એક સાથે ૨૦ સિલિન્ડર ભરવામાં આવે છે, જે માટે ૩૦ થી ૩૫ મીનીટ જેટલો સમય લાગે છે.દરરોજ ૬૦૦થી ૬૫૦ જેટલા સિલિન્ડર પૂરા પાડવા માટે અંદાજે પાંચ ટન જેટલું લીક્વિડ રિલાયન્સ દ્વારા પુરૂ પાડવામાં આવે છે. સરકાર દ્વારા અમને એક સિલિન્ડર દીઠ નીયત રકમ ચુકવવામાં આવે છે. પ્લાન્ટમાં ફરજ બજાવતા ૫૨ વર્ષીય કર્મચારી બધાભાઈ મોરીએ ભાવુક થઈને કહ્યું કે, કોરોના મહામારીના કારણે હોસ્પીલોમા ઓક્સીજન પુરુ પાડવા પ્લાન્ટ સતત ચાલુ રાખવો પડે છે જેથી હું ૨૪ કલાક અહી જ રહું છું. દરરોજ ૨૦- ૨૫ જેટલી રીક્ષાઓમાં હું ૧૫૦થી ૨૦૦ જેટલા સિલિન્ડર ચડાવું છું.આ કપરા સમયમાં આપણે સૌએ સાથે મળીને કોરોનાની મુસીબતમાંથી બહાર આવવાનું છે.

પોરબંદરમાં કાર્યરત ઓક્સિજનના બંને પ્લાન્ટ દ્વારા જિલ્લાની હોસ્પિટલો કોવીડ કેર સેન્ટરમા પ્રાણવાયુ પૂરો પાડવા માટે કર્મચારીઓ,શ્રમિકો, ડ્રાઇવરો દિવસ રાત મહેનત કરી રહ્યા છે. આ ઉપરાંત રેવન્યુ અને પોલીસનો સ્ટાફ પ્લાન્ટમાં દેખરેખ માટે સતત ફરજ બજાવી રહ્યા છે.

## આજે જે ઠીક નથી લાગતું કાલાંતરે સમજાય કે આ જ ઠીક હતું,માટે ધૈર્ય રાખોઃ મોરારિ બાપુ

ત્રીજા દિવસની કથામાં વિનય પત્રિકાનાં પદોમાં, આરંભમાં સૌપ્રથમ કિશોરીજી-જાનકીજીને કહે છે:હે માં જ્યારે રામજી રાજકાજથી નિવૃત્ત થઈને આવે,બિલકુલ આરામમાં હોય ત્યારે આ પત્રિકા આપજો.તમારી દાસી તુલસી(વૃંદા)અને એનો પણ દાસ-તમારી દાસીનો પણ દાસનો વિનય ભગવાનને સંભળાવજો.પહેલા જાનકીજી દ્વારા,પછી હનુમાનજી થકી,એ પછી ભરતજી દ્વારા,પછી નિરંતર જાગૃત લક્ષ્મણજી દ્વારા અને શત્રુઘ્ન દ્વારા પોતાની પત્રિકા રામ સુધી પહોંચાડી રહ્યા છે. તુલસી કહે છે આ મનથી લખેલી ચિઠ્ઠી નથી.મનનું કોઈ ઠેકાણું નહીં,હું દાસીનો પણ દાસ છું તો અહંકાર પણ નથી,ચિતનો પણ શો ભરોસો? નાની-મોટી વાતોમાં વિક્ષિપ્ત થઈ જાય.બાપુએ કહ્યું કે:મારા ભાઈઓ બહેનો હું કહેવા માગું છું કે ધૈર્ય-ધીરજ રાખજો,પ્રતીક્ષા રાખજો એ પણ જરૂરી છે.ક્યારેક-ક્યારેક સાંપ્રત ઘટનામાં થોડું ધૈર્ય રાખવાથી થાય છે કે એ પણ આશીર્વાદ હશે. વિષયી ધૈર્ય નથી રાખી શકતો,સાધક થોડુંક રાખે છે,સિદ્ધ વધારે રાખે છે.પણ સિદ્ધથી પણ વધારે ધૈર્ય શુદ્ધ રાખે છે.આથી આ ચિઠ્ઠી-પત્રિકા મેં શુદ્ધ હૃદયથી લખેલી છે.આજ ધૈર્ય વરદાન અને અનુગ્રહમાં પરિવર્તિત થઈ જાય છે. ક્યારેક-ક્યારેક આપણી બુદ્ધિમાં જે ઠીક નથી લાગતું એ-શુદ્ધ હૃદયથી-કાલાંતરમાં-માનવું પડે છે કે આ જ ઠીક હતું.બાપુએ બે કથાઓ કહીઃ વાલ્મીકીજી રઘુવંશને આગળ ચલાવવા ઈચ્છે છે પણ દશરથ પાસે એ અટકી જવાનો છે! દશરથ ને એક પણ પુત્ર નથી.દશરથ મૃગિયા રમવા જંગલમાં જાય છે,જ્યાં અંધ દંપતી(શ્રવણનાં મા-બાપ)થી શ્રાપ મળે છે કે પુત્ર વિરહમાં તમે તડપશો.આ શ્રાપથી ગ્લાનિ નથી થતી કારણ કે દશરથને પુત્ર ન્હોતા,આતો પુત્રનું વરદાન હતું!બાપુએ કહ્યું કે આપણો મજબૂત ધર્મ અને ધાર્મિકતાનું પૈડું ક્યારેક હલી જાય છે.બીજો પ્રસંગ વાલ્મીકિ રામાયણમાં જાનકીજીની ખોજ માટે બંદર-ભાલુને વિવિધ દિશાઓમાં મોકલાઇ રહ્યા છે એ વખતે સુગ્રીવ આખી પૃથ્વીની માહિતી પ્રસ્તુત કરે છે પૂરી દુનિયાનું ભૌગોલિક જ્ઞાન કહે છે.તમે અહી જજો, તમે ત્યાં જજો વગેરે.આ જોઈ રામ એને પૂછે છે કે આટલું બધું ભૌગોલિક જ્ઞાન ક્યાંથી આવ્યું ?ત્યારે સુગ્રિવ કહે છે કે વાલીના ભયથી હું ભાગતો જ રહ્યો છું કોઈના ભયથી પૃથ્વી પર અનેક જગ્યાએ ભાગતું રહેવું એ સારી સ્થિતિ તો નથી જ!અને પૃથ્વીની અનેક વખત પરિક્રમા કરી છે જો હું ભાગ્યો ન હોત તો આજે સીતાની,ભક્તિની ખોજનો કીમિયો ન મળત.આ ભાગવું સાર્થક થયું કારણ કે ધૈર્ય-ધીરજ રાખી છે.બાપુએ કહ્યું કે આ રીતે મારી સમજ મુજબ આજે જે ઠીક ન લાગે એ ધૈર્ય પછી ઠીક પણ હોય-એવું સમજાય.

અહીં વિક્ષિપ્ત ચિત્ત,અહંકારગ્રસ્ત માનસિકતા નહી ચાલે,વ્યભિચારિણી બુદ્ધિ નથી ચાલતી, સંકલ્પ-વિકલ્પવાળું મન નથી ચાલતું.પણ હૃદય પાસે મન,બુદ્ધિ,ચિત્ત કે અહંકાર કંઈ નથી.આથી તુલસી કહે છે હૃદયને પૂછજો,મેં હૃદયથી-દિલથી લખેલી પત્રિકા છે.બાપુએ જણાવ્યું કે વર્ષોથી કથા કહું છું અને મારો અનુભવ છે કે બહુ મોટી ભીડમાં પણ જાણે બે-ચાર લોકો સાથે જ વાત કરતો હોઉં,અને ક્યારેક બે ચાર વ્યક્તિ સામે બોલતો હોઉં ત્યારે કાયનાત સાથે,જલ,આકાશ,વાયુ, ઋગ્વેદનો અગ્નિ સામે,જાણે આખી પૃથ્વીને સંભળાવી રહ્યો છું એવું લાગે.તુલસી પીઠાધીશ્વર રામભદ્રાચાર્યજીના અમુક પ્રસંગો કહેતા બાપુએ જણાવ્યું કે મારી પાસે દેના બેક્ક જ છે,લેના બેક્ક છે જ નહીં!વિનય પત્રિકામાં તુલસીજી કહે છે કે ભજનના આચરણ મારામાં છે જ નહિ.તો ભજનના આચરણ કયા? ઉપનિષદ કહે છે સત્યં વદ,સત્ય વગર પણ નામ સ્મરણ ભાવ-કુભાવથી કરીએ તો દસેય દિશા બદલાશે પણ પોતાની દશા નહી બદલાય.પ્રિય સત્ય બોલવું,એ જ રીતે અલગ-અલગ દ્વારઃઅન્ન દ્વાર છે,વાણી દ્વાર, આંખનું દ્વાર,કાન દ્વાર મનનું પણ દ્વાર છે, સ્વાધ્યાય,માતૃદેવો ભવ,પિતૃદેવો ભવ,આચાર્ય દેવો ભવ,અતિથિ દેવો ભવ.આ તમામ ભજનના આચરણ છે.પણ તુલસીજી કહે છે મારામાં એક પણ આચરણ નથી એ આપણને સમજાવવા માટે કહેલું છે.તુલસીજી કહે છે કે કેવળ નાથ!માત્ર નામનાં નાતે કરુણા કરજો.રામનામ અચ્યુત છે, રામ નામ અક્ષર છે,અતિ સૂક્ષ્મ છે, રામનામ અતિ પ્રાણ છે.

## પ્રકૃતિના ચાર નિયમો છે, જે આજદિન સુધીમાં સનાતન સત્ય સાબિત થયા છે.

પહેલો નિયમ :

જો ખેતરમાં બીજ રોપવામાં ન આવે તો કુદરત, ખેતરને નકામા ઘાસથી ભરી દેતી હોય છે. તેવી જ રીતે જો મનમાં સકારાત્મક વિચારોનું બીજારોપણ ન થાય, તો પછી નકારાત્મક વિચારો આપોઆપ તેનું સ્થાન લઈ લે છે અને પછી, મન નકારાત્મક વિચારોથી ભરાઈને એક ડસ્ટબીન બનીને રહી જાય છે.

સારઃ મનને ક્યારેય નવરું નહીં રાખવાનું. મનને સકારાત્મક વિચારોમાં પ્રવૃત્ત રાખીને રચનાત્મક કાર્યમાં વ્યસ્ત અને મસ્ત રાખવાનું. જો એમ નહીં કરો તો મન માત્ર ડસ્ટબીન બની જશે.

બીજો નિયમ :

જેની પાસે જે હોય તે જ તે બીજાને આપતો રહે છે. ઉદાહરણ તરીકે-

સુખી માણસ સુખ જ વહેંચે
દુઃખી માણસ દુઃખ જ વહેંચે
જ્ઞાની માણસ જ્ઞાન જ વહેંચે
ભ્રમિત થયેલો ભ્રમ જ ફેલાવે
ડરેલો માણસ તો ડર જ વહેંચે

સારઃ આથી જે હકારાત્મક વિચારો ફેલાવતો હોય કે જે સુખ, ખુશી, સંતોષ અને આનંદ વહેંચતો હોય તેની જ સંગત કરવી.

નકારાત્મક વિચારો ફેલાવવાવાળાની સંગત કરવાથી તમારું મન પણ તેની સાથે સાથે એક ડસ્ટબીન જ બની જશે.

ત્રીજો નિયમ :

માણસે જે મળે તેને પચાવતા શીખવું જોઈએ.

બાકી-

ભોજન ન પચે તો રોગોનું ઘર થાય
પૈસા ન પચે તો દેખાડો અને દંભ વધી જાય
વાત ન પચે તો ચાડી-ચુગલી વધી જાય
પ્રસંશા ન પચે તો અહંકાર વધી જાય
નિંદા ન પચે તો દુશ્મની વધતી જાય
દુઃખ ન પચે તો નિરાશા વધતી જાય
સુખ ન પચે તો પાપ વધતાં જાય

સારઃ જે સમયે જે મળે તેને પચાવીને જીવન જીવવું એ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. જ્યારે જે મળે તેની સામે કયારેય પ્રશ્ન ઉભા ન કરવા કે તેનાથી ક્યારેય નિરાશ ન થવું. જે મળે તેને ઈશ્વરના આશીર્વાદ સમજીને સ્વીકારીને જીવનમાં આગળ વધતાં રહેવું એ જ સાચો માર્ગ છે.

ચોથો નિયમ :

એક જ કેરી છે. એના જ બે ટુકડા કરો. એક ટુકડાને ખાંડની ચાસણીમાં અને બીજા ટુકડાને મીઠું લગાવીને મુકી દો.

થોડા દિવસ પછી ખાંડની ચાસણીમાં જે ટુકડો છે તે મુરબ્બો બની જશે. જ્યારે જેના ઉપર મીઠું લગાવ્યું હતું તે અથાણાંનો ભાગ બની જશે. એક જ કેરીના બે ટુકડાઃ એક મીઠાશ આપશે તો બીજો તીખાશ આપશે.

સારઃ તમે જેવા બનવા માંગતા હો તેવા વાતાવરણમાં તમારે રહેવું પડે, કારણ તમારા વિકાસ ઉપર તમારી સંગત, તમારી આજુબાજુનો સંગત માહોલ બહુ જ અસર કરતા હોય છે.

## વેદના.....સંમવેદના ની..

મારા દેશવાસી ને એક ટચૂકડી કવિતા મારા સમર્થકો માટે......
×જયારે બની રહયા છે રાજા ના મહેલ જેવા ઓરડા..અને
લાશો એ લગાવી છે સમશાન મા લાઇન બંધ લાઇનો..
મડદા ગણયા ગણાતા નથી...
દેશ ની થઈ ગઈ દશા ભૂંડી..
નથી કોઇ સમજનારો વેદના....ની કે સંમવેદના ની
આજે મારો તો આવતી કાલે તારો..
કયા ખબર છે કયારે આવશો કોનો વારો...
કાશ રાજા ને હોત તો કાળજુ..
તો બચી જાત સમશાન મારુ..
આજે તો કોઇ નથી કહેનારુ..
કે કોણ છે તારુ અને કોણ છે મારુ..
ચારેય બાજુ છવાયુ છે અંધારૂ...
શ્રવાસ રુંધાયા સૌના.....
અને નથી કૌઇ કહેનારુ મારુ..
રદય કંપાવી નાખે તેવા દ્રશયો જોઇ ને એમ કહેવાનુ મન થાય શુ આ છે ભારત મારુ.....? ×
આજે કવિતા લખુ છુ વેદના સંમવેદના ની પ્રેરણા થી..
જયેશ ગેડીયા (લોઇડ )

## દુઃખદ અવસાન



## માનવસેવા એ જ પ્રભુસેવા

# નિવૃત્ત થયેલો નર્સિંગ સ્ટાફ ફરીવાર દર્દીઓની સેવા અર્થે ફરજ પર હાજર થયો



કોવીડ મહામારીમાં આરોગ્યકર્મીઓ અગ્રેસર રહ્યા. જીવની પરવા કર્યા વિના દર્દીનારાયણને બચાવવા માટે અવિતર સંઘર્ષ કરતા રહ્યાં. રાજ્ય, દેશ અને દુનિયાના તબીબો, નર્સિંગ સ્ટાફ અને સફાઈ કર્મચારીઓએ ઘાતક વાયરસથી માનવજાતને બચાવવા માટે મથતા રહ્યા છે. કેટલોક સ્ટાફ તબીબી સેવામાંથી નિવૃત્ત થઈ ગયો હતો પણ ફરજના સાદે તેમને પરત હોસ્પિટલમાં આણ્યા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અગાઉ ફરજ બજાવતા શ્રી વિદુલાબહેન પટેલ, શ્રી ભારતીબહેન મહેતા અને શ્રી અંજનાબહેન ક્રિશ્ચિયન સિવિલમાં નિવૃત્તિ બાદ ફરી વાર કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા માટે ફરજ પર હાજર થયા છે. તેઓ દ્રઢપણે માને છે કે,માનવસેવા માટેનો આ ઉત્તમ અવસર છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ શ્રી વિદુલાબહેન પટેલે ૩૪ વર્ષની સેવા બાદ ૩૦ એપ્રિલ, ૨૦૨૧એ નિવૃત્ત થયા હતા, પણ ખરાબ પરિસ્થિતિને પિછાણીને તે સ્વૈચ્છીક રીતે સેવામાં જોડાયા છે. વિદુલાબહેને ૧૯૮૬માં સિવિલમાં ફરજ પર જોડાયા હતા, તે ત્રણ દાયકાની કામગીરી બાદ તેમને સિવિલ હોસ્પિટલમાં નવી ઈનિંગની શરુઆત કરી. શ્રી વિદુલાબહેન કહે છે : ''આ કપરા સમયમાં ફરજ બજાવવા અને યથાશક્તિ યોગદાન આપવા માટે હું તત્પર છું.'' વિદુલાબહેનની મુખ્યત્વે કામગીરી સ્ટાફ મેનેજમેન્ટની છે. શ્રી વિદુલાબહેનની જેમ જ શ્રી ભારતીબહેન મહેતા પણ નિવૃત્તિ બાદ ફરી સિવિલ મેડિસીટીમાં સ્થિત ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં એ- ૪ વોર્ડમાં ફરજ બજાવે છે. ભારતીબહેન કહે છે: ''હું અહી કોવીડના દર્દીઓની સેવાનો મોકો મળ્યો તેની ખુશી છે.''

સિવિલ હોસ્પિટલમાં ૨૫ વર્ષ સેવા બાદ નિવૃત્ત થયેલા શ્રી અંજનાબહેન ક્રિશ્ચિયને ફરી સેવારત થયા છે. હાલ તેઓ ઈ.એન.ટી વિભાગમાં કામ કરે છે. જેમાં મોટાભાગે મ્યુકોરમાઈકોસિસના દર્દીઓની સારવારનું કામ હોય છે. શ્રી અંજનાબહેન કહે છે : આ પરિસ્થિતિમાં દર્દીઓને મદદરુપ થવાનો આનંદ અનેરો હોય છે.''

સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી કહે છે કે 'કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારમાં તબીબોની લગોલગ નર્સિંગ સ્ટાફની ભૂમિકા પણ ચાવીરૂપ રહી છે. સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલ અને મંજુશ્રી હોસ્પિટલમાં ૧૫૭૪ જેટલો નર્સિંગ સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક કોરોના ગ્રસ્ત દર્દીઓની સારવારમાં તહેનાત રહે છે. અત્યાર સુધીમાં ૪૦૩ જેટલા નર્સિંગ સ્ટાફ કોરોના થી સંક્રમિત થયા બાદ પણ એ જ ઉત્સાહ સાથે પુનઃ ફરજ પર હાજર થયા છે.

ઉલ્લેખનીય છે કે, રવિવારે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ચેખલા ગામે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ગુજરાત સમગ્ર દેશમાં કોરોનામુક્ત થવામાં અગ્રેસર રાજ્ય હશે. કદાચ, આવી પરિચારિકા બહેનો જેવી ઉત્તમ ભાવનાના પગલે જ ગુજરાત રાજ્ય મુખ્યમંત્રીશ્રીના આ સપનાને ઝડપથી સાકાર કરશે.

અમિતસિંહ ચૌહાણ

## બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાએ ધાર્મિકતાની સાથે સાથે માનવ સેવાનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

# બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ધારપુર હોસ્પિટલમાં ૮ મેટ્રિક ટન ઓક્સિજન અર્પણ કરાયો

### અબુધાબી ખાતેના સંતોની પ્રેરણાથી હિન્દુ પરિવાર દ્વારા ગુજરાતમાં કોરોના સંક્રમિત દર્દીઓ માટે ૪૪૦ મેટ્રિક ટન ઓક્સિજન ઉપલબ્ધ બનાવાશે



પાટણ તા.૯

કોરોના ની બીજી લહેરે સમગ્ર ગુજરાતમાં અનેક લોકોને સંક્રમિત બનાવ્યા છે. જેના કારણે અનેક કોરોના પોઝિટિવ દર્દીઓનો કોવિડ હોસ્પિટલોમાં સારવાર અર્થે ધસારો જોવા મળી રહ્યો છે. તો મોટા ભાગની કોવિડ હોસ્પિટલોમાં ઓક્સિજન ની ઉણપ ઉભી થવા પામી છે. જેના કારણે કોરોના પોઝિટિવ અનેક દદીઓ અને તેમના પરિવારજનો ઓક્સિજન મેળવવા દોડા દોડી કરતા જોવા મળી રહ્યા છે.તો કેટલાક દર્દીઓ સમયસર ઓક્સિજન ન મળવાથી મોતને ભેટી રહ્યાં છે.ત્યારે કોરોના ની આ કપરી પરિસ્થિતિમાં સમગ્ર ગુજરાતમાં સંકમિત બનેલા કોરોના પોઝિટિવ દર્દીઓને સમયસર અને પુરતી માત્રા માં ઓકસિજન સપ્લાય મળી રહે તેવા ઉમદા પ્રયાસો બીએપીએસ હિન્દુ મંદિર અબુધાબી દ્વારા કરવામાં આવ્યો છે. અને અબુધાબી ખાતે નાં બીએપીએસ હિન્દુ મંદિર ની પ્રેરણાથી ત્યાંના હિન્દુ પરિવારજનો નાં સૌજન્યથી ૪૪૦ મેટ્રિક ટન ઓક્સિજન લિક્વિડ ગુજરાત માટે ઉપલબ્ધ બનાવવામાં આવ્યો છે.

ત્યારે તેની ફલશ્રૃતિએ પ્રથમ ઓક્સીઝન શિપમેન્ટ ૪૪ મેટ્રિક ટન સાથે બે કાયોજૈનિક ટેક્રો મારફતે દુબઈ થી ગુજરાતમાં પહોંચાડવામાં આવ્યું છે. ગુજરાત માં બીએપીએસ સ્વામી નારાયણ સંસ્થાઓ દ્વારા ગુજરાત સરકાર સાથે નાં સંયોજન દ્વારા નક્કી કરવામાં આવેલ કોવિડ હોસ્પિટલમાં આ ઓકસીઝન નિઃશુલ્ક કોરોના સંક્રમિત દર્દીઓની સેવા માટે પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.જેના ભાગરૂપે રવિવારના રોજ પાટણ ની ધારપુર કોવિડ હોસ્પિટલમાં પ.પૂ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ નાં આશિર્વાદ થી બીએપીએસ સ્વામી નારાયણ મંદિર પાટણના પ.પૂ.ઉતમપ્રિય સ્વામી અને પ.પૂ. નિત્યસેવા દાસ સ્વામી ની ખાસ ઉપસ્થિત વચ્ચે ૮ મેટ્રિક ટન ઓક્સિજન લિક્વિડ અર્પણ કરવાનો કાર્યક્રમ પાટણ જિલ્લા વિકાસ અધિકારી ડી કે પારેખ, પાટણ ધારાસભ્ય ડો.કીરીટ પટેલ, ધારપુર મેડિકલ હોસ્પિટલના ડીન ડો. યોગેશાનંદ ગોસ્વામી, મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. મનીષ રામાવત, સિદ્ધહેમ સેવા ગ્રુપ ના સ્નેહલ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ વચ્ચે યોજવામાં આવ્યો હતો.

બીએપીએસ હિન્દુ મંદિર અબુધાબી અને હિન્દુ પરિવાર નાં સૌજન્યથી ગુજરાત ને મળેલા ઓક્સિજન ને રવિવારે પાટણ ધારપુર હોસ્પિટલ ખાતે અર્પણ કરાતા પાટણ જિલ્લા વિકાસ અધિકારી પારેખે જણાવ્યું હતું કે ધાર્મિક સેવા કાર્યોની સાથે સાથે સામાજિક સેવાઓનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાન તેમજ અબુધાબી ખાતે રહેતા હિંદુ પરિવારની કોરોના ના કપરા સમયમાં સંક્રમિત બનેલા ગુજરાતના દર્દીઓને ઓક્સિજન પૂરો પાડવાની વિભાવના ખરેખર સરાહનીય હોવાનું જણાવ્યું હતું. પાટણના ધારાસભ્ય ડો.કિરીટ પટેલે પણ કોરોના સંક્રમિત દર્દીઓને સારવારમાં મહત્વરૂપ બનતા ઓક્સીજનની જરૂરિયાત સમયે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાએ ઓક્સિજન પૂરો પાડીને ધાર્મિકતાની સાથે સાથે માનવતાનુ પણ ઉત્તર દાયિત્વ નિભાવ્યુ છે. ધારપુર મેડિકલ હોસ્પિટલ ડીન ડો. યોગેશાનંદ ગોસ્વામી તેમજ મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. મનીષ રામાવતે પણ ધારપુર માં સારવાર લઈ રહેલા કોરોના દર્દીઓને આ ઓક્સિજનની સેવા ખરેખર નવજીવન આપનાર બની રહેશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા પાટણ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના પ.પૂ.ઉતમપ્રિય સ્વામી અને પ.પૂ.નિત્યસેવા દાસ સ્વામી એ કોરોના સંક્રમિત દર્દીઓના સ્વાસ્થ્ય માટે કામના વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તસવીરઃ- સ્વામી સતીશ

## કોરોના કાળમાં સિવિલ હોસ્પિટલની બ્લડ બેક્રમાં તમામ બ્લડ ગ્રુપની જરૂરીયાત

# સ્વામિનારાયણ ચોક રાજકોટ ખાતે જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના લાભાર્થે રકતદાન શિબિરનું આયોજન




પ્રવર્તમાન કોરોના બીમારી તથા હાલ ઉનાળાની ગરમીનાં સમયમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જિંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની જરૂરીયાત છે. સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના લાભાર્થે સ્વામિનારાયણ ચોક,પી.ડી.એમ. કોલેજ પાછળ, રાજકોટ ખાતે તા.૧૨/૦૫/૨૦૨૧, બુધવારનાં રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી, તમામ કોવીડ સલામતી સાથે, રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેક્ર આપના સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથનાં લોકો, રસી મુકાવ્યા પૂર્વે અચૂક રકતદાન કરે. સમગ્ર આયોજન અંગે મીતલભાઈ ખેતાણી (એનિમલ હેલ્પલાઇન),મીત ખખ્ખર, હિતેશભાઈ ખખ્ખર, સેંજલભાઈ મહેતા, વિજયભાઈ ટોળીયા, નારણભાઈ બોળીયા,વિજયભાઈ પંડ્યા શૈલેષભાઇ હરિભાઈ ડાંગર, તેમજ વોર્ડ નમ્બર ૧૩ ના કોર્પોરેટરો, તેમજ આગેવાનો ને કાર્યકરો ના સહયોગ થી સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે.

## દિવસ રાત જોયા વગર મૃતદેહને

# અંતિમવિધી માટે પહોંચાડતા શબવાહિની અને એમ્બ્યુલન્સ ચાલક કોરોના યોધ્ધાઓ

"ભાઈ અઠવાડિયાથી હોસ્પિટલમાં દાખલ મૃતકના સબંધી ખુબ દૂરથી આવ્યાં છે, દુઃખી છે અને મૃત્યુ પછી આખી રાત અટકીને બેઠાં છે. તો જલ્દી અગ્નિસંસ્કાર થાય તો એ લોકોને રાહત થાય અને બધા ઘરે પહોંચે. " આમ વહેલી સવારે એમ્બ્યુલન્સ ચાલકનો ફોન આવે છે કોવીડ સ્મશાનમાં મૃતદેહના અંતિમસંસ્કાર કરતા સ્વયં સેવકો ને !! તંત્ર સાથે સંકલનમાં રહેતા તેઓ પુછે છે ,''કે બે બોડી છે, લઈને ક્યારે આવું?

કોરોનાગ્રસ્ત મૃતદેહના અંતિમસંસ્કારનું કામ જોખમી તો છે જ પણ આ મહામારીમાં મૃતદેહોનો ઝડપી નિકાલ તો જ થાય જો એ મૃતદેહો સમયસર હોસ્પિટલથી સ્મશાન સુધી પહોંચે. અને કઠણ હૃદય સાથે જીવના જોખમે એ કામ પાર પાડે છે શબવાહિની કે એમ્બ્યુલન્સના વાહન ચાલક કોરોના યોધ્ધાઓ....

કોરોનાની અચાનક વણસેલી પરિસ્થિતિ અને ઉપલબ્ધ સાધનો વચ્ચે સતત કામનાં ભારણમાં રહેતા સરકારી હોસ્પિટલના ડોકટરો, મેનેજમેન્ટ અધિકારીઓ કે કર્મચારીઓ ગમે એટલા પ્રયત્નો કરે પણ જયાં સુધી એમ્બ્યુલન્સ ડ્રાયવરનું સ્મશાનમાં કામ કરતા કાર્યકર્તાઓ સાથે સીધું સંકલન ન હોય તો મૃતદેહના નિકાલ બાબતે ઘણી અગવડ ઉભી થઈ જાય.

હાલની પ્રવર્તમાન પરિસ્થિતિઓ વચ્ચે ૩૫ વર્ષીય કોરોના મુકત થઈ ફરી ફરજ પર પર જોડાનાર એમ્બ્યુલન્સના વાહન ચાલક કપિલભાઈ આહિર ખરેખર કોરોના યોધ્ધા છે.

## રાજપીપલા મા કોરોના મોતનું તાંડવ થમતું નથી?

# એકજ દિવસમા રાજપીપલા સ્મશાનગૃહમા એકી સાથે ૧૧ અગિયાર ચિતા સળગી!

રાજપીપલા, તા ૧૧

રાજપીપલા સહીત નર્મદામા કોરોના મોતનું તાંડવ થમતું નથી?રાજપીપલા સહીત નર્મદા જિલ્લામા કોરોનામા મોતનો આંકડો સતત વધી રહ્યો છે. સતત વધતા જતામોતના આંકડાઓ ચિંતાનો વિષય બન્યો છે. છેલ્લા ૪૧ દિવસથી મોતનો સિલસીલો બંધ નથી થયો.એક પણ દિવસ મોત ના થયું હોય એવું બન્યું નથી. રાજપીપલા સ્માશન ગૃહના મોતના સત્તવાર આંકડા બોલી રહ્યા છે. નર્મદામા છેલ્લા ૪૧ દિવસમાં કૂલ ૧૭૨ના અગ્નિ સંસ્કાર કરાયાછે. આ સત્તાવાર આંકડા છે. રાજપીપલા કોવિદ મા દર્દીઓ દાખલથાય છે જેમાં ઘણા સાજા પણથાય છે પણ ઘણા દમ પણ તોડે છે.

નર્મદામા એપ્રિલમા ૧૧૩અને મેં માસમાં ૧૧ દિવસ મા ૪૫ના રાજપીપલા સ્મશાન ગૃહ મા અગ્નિસંસ્કાર કરાયા છે

અત્યાર સુધીમાં નર્મદા મા ૩૬૫૬ કોરોનાના કેસો થઈ ચુક્યા છે. અને હવે રોજ હવે ૪૦ની એવરેજથી કેસો મા વધારો થઈ રહ્યો છે.જે ચિંતાનો વિષય છેતેમ છતાં આશ્ચર્ય ની વાત એ છે કે આરોગ્ય કોવીડ હોસ્પીટલ ના અત્યાર સુધી માત્ર ૩નાજ આંકડા બોલે છે. આંકડા છુપાવતાઆરોગ્ય તંત્ર ના ખોટા આંકડા સામે રાજપીપલા સ્મશાન ગૃહમા મૃતકો ના આંકડા જે બોલી રહ્યા છે.તે બતાવે છે કે કોવીડ હોસ્પીટલમા દર્દીઓ દમ તોડી રહ્યા છે છતાં આરોગ્ય તંત્ર ના અધિકારીઓ ચૂપ કેમ છે? દર્દીઓ સાજા થવા માટે તમારી હોસ્પીટલમા દાખલ થાય છે.પણ પછી મોતને કેમભેટે છે? શું તેમને સમયસર સારવાર નથી મળતી? કે પછી યોગ્ય ટ્રીટ મેન્ટ નથી મળતી?શું સાધનો નો અભાવ છે? રોજ વધતા મોતના આંકડા માટે જવાબદાર કોણ? એ પ્રશ્ન હાલ લોકોમા ચર્ચાઈ રહ્યોછે. રાજકીય નેતાઓ પણ ચૂપ કેમ છે જે પણ કોઈ કોવીડ ની મુલાકાત લે છે તે સબ સલામતની વાતો કરે છે પણ દાખલ દર્દીઓને મોતના મુખમાંથી ઉગરવાના પ્રયત્નો કેમ થતા નથી? તંત્ર મોત ના સાચા આંકડા કેમ છુપાવે છે? એ પ્રશ્ન હવે લોકો મા છેડે ચોક ચર્ચાઈ રહ્યો છે

જયોતિ જગતાપ, રાજપીપલા

# કોરોના બિમારીમાં 'માં અમૃતમ કાર્ડ/આયુષ્યમાન કાર્ડ'નું અમલીકરણ તુરંત શરૂ કરાવવા સરકારશ્રીને વિનંતી કરતા મિતલ ખેતાણી



સરકારશ્રીએ જાહેરાત કરી હતી કે કોરોના સારવારમાં માં અમૃતમ કાર્ડ/ આયુષ્યમાન કાર્ડ હેઠળ ખર્ચમાં આવી જશે જે રાજયનાં લાખો દર્દીઓ માટે રાહતનાં સમાચાર નિવડયા હતા.પરંતુ દરેક હોસ્પીટલ અત્યારે આ કાર્ડ હેઠળ એડમીશન આપવામાં ખચકાટ અનુભવે છે.તેને લગતી કોઈપણ સરકારી ગાઈડ લાઈન પણ હજુ પ્રકાશીત થઈ નથી. ઓકસીજન/ વેન્ટીલેટર/બેડ કોઈપણ બાબત માટે ખર્ચની વિગતો જાહેર નથી થઈ. કંઈ તારીખથી તેનું અમલીકરણ થશે ?, કેટલા રૂપીયા કવર થશે ?, તેનું પેમેન્ટ કઈ રીતે થશે?, કઈ–કઈ હોસ્પીટલોને માન્યતા છે?, કેટલા દર્દીને મંજુરી છે ?, કેટલા દિવસનો કેટલો ખર્ચ મંજૂર થશે?ગરીબ દર્દીઓને કાર્ડ કઢાવવાનાં બાકી હોય તો તાત્કાલીકશું કરવું ? માન્ય હોસ્પીટલો કોવીડ સેન્ટર તરીકે અન્ય જગ્યાએ કામ કરી રહી છે તો ત્યાંની માન્યતા છે કે કેમ ?, જાહેરાત થઈ તે પહેલા કોઈ દર્દી દાખલ હોય અને હજી પણ દાખલ હોય તો તેને કેટલી સહાય મળે ?, કેવી રીતે મળે ?, હોસ્પીટલો કાર્ડ ધારકોને બેડ હોવા છતાં જગ્યા ન આપે તો શું ?, જગ્યા આપે અને જરૂરી તમામ સુવિધા ન આપે તો શું ?, કાર્ડધારકોની સરળતા માટેનો હેલ્પલાઈન નંબર ?, કાર્ડ ઘરદીઠ નીકળતા હોય તો દરેક વ્યકિત સંક્રમિત હોય તો કેવી રીતે સુવિધા મળે ?, ગાઈડ લાઈન કયારે બહાર પડશે ?, ગાઈડલાઈન બહાર પડી નથી અને જાહેરાત થઈ ગઈ હોઈ લાખો લોકો આશા-અપેક્ષાથી હેરાન થઈ રહ્યાં છે. કોઈ જવાબદાર ઓથોરીટી પાસે આનો જવાબ/ઉકેલ નથી.જગ્યા હોવા છતાં કાર્ડધારકો ને બેડ/સુવિધા ન આપવા બદલ શું કાર્યવાહી થઈ શકે અથવા કોને રજૂઆત કરવી ?, કોઈ એ પૈસા જમા કરાવ્યા અને તે પછી જ જાહેરાત થાય તો એનો કેવી રીતે વ્યવહાર થાય ?, જેવા પ્રશ્નો અંગે ગુજરાત સરકાર તરંત સ્પષ્ટીકરણ અને અમલીકરણ કરે તેવી વિનંતી સામાજીક કાર્યકર્તા મિતલ ખેતાણીએ કરી છે.

(મિતલ ખેતાણી )

# મોરબીને કોરોનાથી બચવવા માસ્કની ઉપયોગીતા માટે પપેટ શો



પ્રાચીન કાળમાં કોઈપણ સંદેશને જનજન સુધી પહોંચાડવાનો હોય ત્યારે રંગલા-રંગલીનો સહારો લેવામાં આવતો હતો. આ રંગલા-રંગલી અનોખી રીતે ભવાઈ કરીને લોકો સુધી મેસેજ પહોંચાડતા ત્યારે હાલ કોરોનાના મહામારીમાં માસ્કની ઉપયોગીતા માટે મોરબી જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગે આ પ્રાચીન કલા એટલે રંગલા-રંગલીનો સહારો લીધો છે અને આ અંગેના પપેટ શો કરીને લોકોને કોરોનાથી બચવા માસ્કનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવે છે. મોરબી જિલ્લા પંચાયતના આરોગ્ય શાખા દ્વારા હાલમાં કોરોના મહામારીમાં લોકો રક્ષણ મેળવી શકે તે માટે ખાસ માસ્કની ઉપયોગીતા અંગે નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં પેપટ શો કરીને માસ્કની ઉપયોગીતા અંગે જનજાગૃતિ ચલાવવામાં આવી રહી છે. આ પપેટ શોમાં રંગલા-રંગલીની કઠપૂતળી બતાવવામાં આવે છે. આ રંગલા-રંગલીના માધ્યમથી એવો સંદેશ અપાઈ છે કે હાલમાં કોરોના મહામારીમાંથી બચવાનો અગત્યનો ઉપાય એટલે ફરજિયાત માસ્ક પહેરવો. માટે બધા માસ્ક પહેરો અને પોતાને તથા બીજાને પણ કોરોનાથી બચાવો, માસ્કથી કોરોનાને મ્હાત એવો સંદેશ આપીને લોકજાગૃતિ કેળવવામાં આવે છે. આ પપેટ શોની રાજ્યના આરોગ્ય વિભાગે પણ નોંધ લીધી છે અને જિલ્લા આરોગ્ય શાખાના આ કાર્યને બિરદાવ્યું છે.

## અમદાવાદ જિલ્લાના કોવીડગ્રસ્ત દર્દીઓની સેવામાં

# ૨૫ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીનનું લોકાર્પણ કરતા શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા




અમદાવાદ જિલ્લો કોવીડના સંદર્ભે કોઈ પણ પરિસ્થિતીને પહોંચી વળવા સક્ષમ છે, તેવો આત્મવિશ્વાસ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વ્યક્ત કર્યો છે. શિક્ષણમંત્રીશ્રીએ અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ૨૫ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીનના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રએ મુખ્યમંત્રીશ્રીના "મારુ ગામ કોરોનામુક્ત ગામ"ના આહવાનને ઝીલી લઈ યુદ્ધના ધોરણે ત્રીજી લહેર માટેની પૂર્વતૈયારીઓ પણ શરુ કરી દીધી છે. તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રએ આ તૈયારીના ભાગરુપે ૧૫૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન, ૨૩ વેન્ટીલેટર, ૫૦ બાયપેપ મશીન તેમ જ ૭ જેટલા ઓક્સિજન પ્લાન્ટ માટે સુદ્રઢ આયોજન હાથ ધર્યું છે.

તેમણે અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લામાં કોવીડની સ્થિતિને પહોંચી વળવા માટે હાથ ધરાયેલી કામગીરનો ચિતાર આપતા જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં કોવીડને અટકાવવા માટેના રક્ષણાત્મક પગલા અને કોવીડ થયા બાદ જરુરી સારવાર-સુવિધા એમ બંને પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર જનશક્તિના સહારે કોવીડ સામેનો જંગ જીતવા અવિરત પ્રયાસ કરી રહ્યું છે અને તેમાં સમાજનો પણ સહયોગ સાંપડ્યો છે. તેમણે આ અવસરે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે, જિલ્લામાં કોવીડ સંદર્ભે જરૂરી સાધનો માટે જિલ્લાના ધારાસભ્યો અને સંસદસભ્યો આયોજનબદ્ધ રીતે ગ્રાંટ ફાળવી રહ્યા છે.

શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં સાણંદના ધારાસભ્યશ્રી તેમ જ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશ બાબુ ઉપરાંત અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.